


આ'લા હઝરત, ઈમામ અહમદ રઝાની ઐતિહાસિક કિતાબ

''મકાલુલ-ઓરફા-બે-એઅઝાઝે-શરઅ-વ-ઓલોમા''
ના સૌજન્ય થી તૈયાર કરવામાં આવેલી કિતાબ

# શરીઅત અને તરીકત

સંકલન, સંપાદન અને અનુવાદ

મુનાઝિરે અહલે સુન્નત, ખલીફ-એ-મુફતીએ આઝમે હિન્દ

**હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની 'મસ્રૂફ'**

પ્રકાશક

**મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા**

ઇમામ અહમદ રઝા રોડ, મેમણવાડ, પોરબંદર, ગુજરાત.

www.markazahlesunnat.com

૭૮૬/૯૨

ન હો આકા કો સજદા, - આદમો - યૂસુફ કો સજદા હો,
મગર સજદે-ઝરાએ-દાબ-હે અપની શરીઅત કા.
(અઝઃ આ'લા હઝરત)

★ શરીઅત જ અસ્લ અને મૂળ છે.
★ તરીકત નો આધાર શરીઅત પર જ છે.
★ શરીઅત અને તરીકત અલગ નથી.
★ શરીઅત વિના તરીકત અને મારેફત ની કોઈ હૈસિયત નથી.

એ બધા વિષયો પર આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઇમામ અહમદ રઝા મોહદ્દિષ બરેલ્વી ની અજોડ અને ઐતિહાસિક કિતાબ :-

**"મકાલુલ-ઓરફા-બે-એઅઝાઝે-શરઅ-વ-ઓલોમા"**

ના સૌજન્ય થી ગુજરાતી ભાષા માં સંપાદન અને મુખ્ય અંશો રજૂ કરતી કિતાબ એટલે :-

# શરીઅત અને તરીકત


સંકલન, સંપાદન અને અનુવાદ :-

મુનાઝિરે અહલે સુન્નત, ખલીફ-એ-મુફ્તી આઝમે હિન્દ
**હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની 'મસ્રૂફ'**



-: પ્રકાશક :-

મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા
ઇમામ અહમદ રઝા રોડ, મેમણવાડ, પોરબંદર, ગુજરાત




www.markazahlesunnat.com



## "અનુક્રમિકા"


| નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | પ્રસ્તાવના. | ૩ |
| ૨. | સિરાતે મુસ્તકીમ શું છે ? | ૧૦ |
| ૩. | શરીઅત ઝરૂરી છે, શરીઅત ને સમઝવા ઇલ્મ ઝરૂરી છે. | ૧૩ |
| ૪. | જાહિલ કદી પણ વલી બની શકે નહીં. | ૧૭ |
| ૫. | તરીકત નો આધાર શરીઅત પર છે. | ૨૫ |
| ૬. | વલી ની કરામત શું છે ? | ૨૬ |
| ૭. | શરીઅત ની મહત્વતા. | ૨૭ |
| ૮. | હઝરત જુનૈદ ને તેમના પીરે આપેલી દુઆ. | ૨૮ |
| ૯. | શરીઅત ને તજી દેનારો ક્યાં પહોંચશે ? | ૨૯ |
| ૧૦. | જાહિલ ને હરગિઝ પીર બનાવવો નહીં. | ૩૦ |
| ૧૧. | હઝરત બુસ્તામી નો એક પ્રસંગ. | ૩૧ |
| ૧૨. | હવા માં ઉડતો શખ્સ અને શરીઅત ની પાબંદી. | ૩૨ |
| ૧૩. | કુરઆન-હદીષ નું સમર્થન અને તસવ્વુફ. | ૩૩ |
| ૧૪. | કવ્વાલી સાંભળનાર કેવો છે ? | ૩૪ |
| ૧૫. | તસવ્વુફ શું છે ? | ૩૫ |
| ૧૬. | શરીઅત નો પાબંદ જ સાચો સૂફી છે. | ૩૬ |
| ૧૭. | વલીનું દરેક આચરણ અને શરીઅત નું ત્રાજવું. | ૩૮ |
| ૧૮. | હકીકત અને શરીઅત એક બીજા માટે આવશ્યક. | ૪૦ |
| ૧૯. | શરીઅત વૃક્ષ છે અને હકીકત તેનું ફળ છે. | ૪૧ |
| ૨૦. | શૈતાન કેવી રીતે છેતરીને ગુમરાહ કરે છે ? | ૪૩ |
| ૨૧. | શરીઅત સાથે તસવ્વુફ નું સુસંગત હોવું. | ૪૪ |
| ૨૨. | કરામત અને ઇસ્તિદરાજ ની ચકાસણી. | ૪૬ |

૭૮૬/૯૨

નહમદોહુ-વ-નુસલ્લી-અલા-રસૂલેહિલ-કરીમ

# "પ્રસ્તાવના"

દરેક મો'મિન પાંચેય સમય ની દરેક રકાત માં અલ્લાહ તબારક વ તઆલા થી દુઆ કરે છે કે **"એહદેનસ-સિરાતલ-મુસ્તકીમ"** અર્થાત **"અમોને સીધા રસ્તે ચલાવ"** દરેક મો'મિન ખુદા પાસે **"સીધા રસ્તાની દુઆ કરે છે"** અને ફક્ત દુઆ સુધી જ સિમિત નથી રહેતો બલ્કે યથાશક્તિ "સીધો રસ્તો" મેળવવા માટેના અથાગ પ્રયત્નો અને પરિશ્રમ પણ કરે છે. પણ સવાલ એ છે કે શું બધાને સીધો રસ્તો મળી જાય છે ? શું એવું પણ બને છે કે સીધા રસ્તાની શોધમાં માણસ ગુમરાહ થઈ જાય છે ?

કુરઆન શરીફમાં છે કે જ્યારે શૈતાન ને અલ્લાહ તઆલાએ 'મરદૂદ' બનાવીને હાંકી કાઢેલ ત્યારે શૈતાને અલ્લાહ થી ઇલ્તેજા કરી કે **એ અલ્લાહ ! મને કયામત સુધી ની મહોલત આપ.** ઇરશાદ થયો કે તને મહોલત આપવામાં આવે છે. શૈતાન ને અલ્લાહે કયામત સુધી મહોલત આપી એટલે શૈતાને અલ્લાહ ને કહ્યું કે **"લ-અહતનેકન્ના-ઝુર્રિયતહુ ઇલ્લા-કલીલા"** એટલે કે **હું આદમ ના વંશ ને અમુક લોકોને બાદ કરીને બાકીના બધાને ગુમરાહી ની ચક્કીમાં પીસી નાખીશ.** જેનો અર્થ એ થયો કે શૈતાન ઇન્સાન ના મોટા ભાગ ના વર્ગને ગુમરાહ કરશે. જેથીજ કુરઆન માં ઇરશાદ ફરમાવવા માં આવ્યો છે કે **"ઇન્નશ-શયતાના-લિલ-ઇન્સાને-અદુવવુમ-મુબીન"** એટલે કે **શૈતાન ઇન્સાન નો ખુલ્લો શત્રુ** છે. શૈતાન નું એક જ કામ છે અને તે છે, ઇન્સાનો ને



www.markazahlesunnat.com



ગુમરાહ કરવાનું. ઇન્સાન ને બહેકાવવા માટે શૈતાન જાતજાત ના અને ભાતભાત ના પેંતરા રચે છે. ક્યારેક બદીના કામો જેવા કે દારૂ, જુગાર, વ્યભિચાર, ચોરી, લુંટફાટ, વ્યાજખોરી, વિશ્વાસઘાત, દગાબાઝી, અપ્રમાણિકતા વગેરે જેવા દુ:ષણો માં સંડોવીને ઇન્સાન ને સીધા રસ્તા થી દૂર હડસેલે છે તો ક્યારેક તેની ધાર્મિક માન્યતા માં વસવસા (શંકાઓ) નાખીને અને ક્યારેક તેને સીધો રસ્તો દેખાડવાની લાલચ માં તેના ઇસ્લામી અકીદા ને પાયા માંથી હચમચાવીને તેને ગુમરાહ કરે છે. બલ્કે જેને કુરઆન માં **"સિરાતે-મુસ્તકીમ"** કહેવામાં આવેલ છે તે સિરાતે-મુસ્તકીમ એટલે કે સીધા રસ્તા પર બેસીને પણ શૈતાન લોકોને ગુમરાહ કરે છે. શૈતાને અલ્લાહ તબારક વ તઆલા ની બારગાહ માં ખુલ્લમ ખુલ્લા એકરાર કરતાં કહ્યું છે કે **"લ-અકઉદન્ના-લહુમ-સિરાતકલ-મુસ્તકીમ"** (કુરઆન શરીફ, પારા નં ૮, સૂર-એ-આઅ્રાફ, રૂકૂઅ નં. ૯, આયત નં. ૧૪) એટલે કે **"લોકોને ગુમરાહ કરવા તેઓની પ્રતિક્ષા માં તારા સીધા રસ્તા પર બેસીશ"** જેનો ભાવાર્થ એ થયો કે સીધા રસ્તા પર જનારાઓને શૈતાન ભાટકશે અને તેઓની અકીદાઓની માન્યતાઓ ને ભ્રષ્ટ કરીને તેઓને શૈતાન ગુમરાહ કરશે. કુરઆન ના ખોટા ભાવાર્થો, હદીષો ના મનઘડત અર્થઘટનો અને શરીઅત ના મૂળભૂત સિધ્ધાંતો માં હસ્તક્ષેપ કરીને લોકોને બહેકાવશે. હલાલ ને હરામ અને હરામ ને હલાલ પુરવાર કરવાની ચેષ્ટાઓ કરીને લોકોના વિશ્વાસને ડગમગાવશે. તેઓને ખોટી માન્યતાઓ ના શિકાર બનાવશે અને તેવી ખોટી માન્યતાઓ જ સાચી ઇસ્લામી બાબતો છે, તેવો ભ્રમ લોકોના માનસ માં ઠસાવી ને તેઓના ઈમાન ની અમુલ્ય પુંજી ને ધોળે દિવસે લુંટશે.

આવીજ અનેક ખોટી માન્યતાઓ પૈકીની એક માન્યતા, શૈતાને અમુક વર્ગમાં એવી ઠસાવી દીધી છે કે શરીઅત, તરીકત, હકીકત અને મારેફત એ ચારેય અલગ અલગ રસ્તાઓ છે. બલ્કે ત્યાં સુધીની માન્યતા વ્યાપક સ્વરૂપે ફેલાવી છે કે તરીકત, હકીકત અને મારેફત ના પંથે ચાલનાર ને શરીઅત ની કોઈ આવશ્યકતા જ નથી. નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, હલાલ અને હરામ ના નિયમો એ બધું શરીઅત વાળાઓ માટે જ છે. તરીકત, હકીકત અને મારેફત વાળાઓને આ બધા નિયમોના પાલન ની ઝરૂર નથી કેમકે તેઓ એવા ઉંચા મરતબા સુધી પહોંચી ગયા છે કે તેઓને શરીઅત ના નિયમો લાગુ નથી પડતા, બલ્કે તેઓને શરીઅત ના નિયમો ના પાલન માંથી અમુક છુટછાટો અને સ્પેશ્યલ માફી છે.

અમુક જાહિલ અને પીર બની બેઠેલા ધૂતારા લોકો ખુલ્લે આમ ચરસ, ગાંજા, અફીણ અને અન્ય નશીલા પદાર્થોનું સેવન કરે છે. તેઓને જ્યારે એવું કહેવામાં આવે છે કે જનાબ! આપ જે માદક અને કૈફી દ્રવ્યો નો બિનદાસ્ત ઉપયોગ કરો છો, તે શરીઅત માં મના અને હરામ છે. ત્યારે તેઓ બેધડક એવો જવાબ આપે છે કે અમો તો તરીકત વાળા છીએં, અમોને શરીઅત ના કાનૂન લાગૂ નથી પડતા. અમુક લોકો નમાઝ સદંતર નથી પડતા, રોઝા નથી રાખતા અને ઇસ્લામ ના કાનૂન મુજબ હલાલ અને હરામ ના નિયમો નું છડેચોક ઉલંઘન કરે છે અને જ્યારે તેઓને આ અંગે નસીહત કરવામાં આવે છે ત્યારે તેઓ એવો ઉડાઉ જવાબ આપે છે કે અમો તરીકત વાળા છીએં. અમારા માટે શરીઅત ના નિયમો આવશ્યક નથી. નમાઝ-રોઝા ની પાબંદી શરીઅત વાળા કરે છે, અન્ય ઇસ્લામી કાનૂનો નું પાલન શરીઅત વાળા કરે, અમો તરીકત વાળા ને તેનાથી



www.markazahlesunnat.com

કંઈ પણ લાગે વળગે નહીં, કેમકે અમો એવા દરજ્જા સુધી પહોંચી ગયા છીએ કે અમોને શરીઅત લાગુ જ નથી પડતી. કેમકે શરીઅત તો અમુક નિયમો, ફર્ઝો, વાજિબો, સુન્નતો, મુસ્તહબો તથા હલાલ-હરામ ના અમુક કાનૂનો નું નામ છે, જ્યારે તરીકત માં અમો ખુદા સુધી પહોંચી ગયા છીએ. તરીકત તો ખુદાની મારેફત નો ઉછાળા મારતો સમુદ્ર છે જ્યારે શરીઅત તો તે સમુદ્ર ની સામે અમુક ટીપાં સમાન છે. જેથી ઉછાળા મારતા સમુદ્ર માં ઝંબુળી રહેલા અમો તરીકત વાળાઓ ને શરીઅત ના છીછરા પાણી ની કશી જ દરકાર નથી.

મઆઝલ્લાહ ! ખુદાની પનાહ ! ઉપરોક્ત વર્ણનીય માન્યતાઓ માં તે લોકો રાચે છે અને પોતાના અનુયાયીઓને પણ સંડોવે છે અને એવા ભ્રમ માં હોય છે કે અમો "સાચા-રસ્તા" પર જ ચાલી રહ્યા છીએ **પણ હકીકત એ છે કે તેઓ સાચા રસ્તા થી ભટકી ને ગુમરાહી ના પંથે ચાલી રહ્યા છે.** સીધા સાદા અને અજ્ઞાન લોકો તેઓની આવી ભ્રામક જાળ માં ફસાય છે. ખૂદ તો ગુમરાહ થાય છે અને પોતાની સાથે અન્યોને પણ ગુમરાહ કરે છે. હવે સવાલ એ છે કે શું શરીઅત, તરીકત, હકીકત અને મારેફત એ ચારેય રસ્તા અલગ છે ? શું તરીકત, હકીકત અને મારેફત ના પંથે ચાલનાર ને શરીઅત ની આવશ્યકતા નથી ? તેનો જવાબ એ છે કે શરીઅત ની પાબંદી વગર તરીકત, હકીકત અને મારેફત નો કોઈ અર્થ જ નથી, કેમકે શરીઅત જ મૂળ છે અને તેની શાખાઓ તરીકત, હકીકત અને મારેફત છે. શરીઅત વૃક્ષ છે અને તરીકત વગેરે તેની ડાળીઓ છે. જેમ વૃક્ષ વગર ડાળીઓનું કોઈ અસ્તિત્વ નથી તેમ શરીઅત વગર તરીકત વગેરે નું પણ કોઈ અસ્તિત્વ નથી. બલ્કે તરીકત ની રાહ માં જે કંઈ પણ પ્રાપ્ત

થાય છે. તે શરીઅત ની પાબંદી નું જ ફળ છે.

આ'લા હઝરત, અઝીમુલ બરકત, ઇમામે એહલે સુન્નત, ઇમામ અહમદ રઝા મોહદ્દિષે બરેલ્વી રદીઅલ્લાહો તઆલા અન્હો થી આ અંગે સન હિજરી ૧૩૨૭ (ઇ.સ. ૧૯૦૯) માં સવાલ પૂછવામાં આવેલો. આપે આ સવાલ ના જવાબ માં ઇલ્મનો દરિયો વહેતો કરી દીધો અને "મકાલુલ-ઓરફા-બે-એઅઝાઝે-શરઅ-વ-ઓલોમા" નામની ઐતિહાસિક અને અજોડ કિતાબ લખી નાખી. જે કિતાબ નો સારાંશ અને તેના મુખ્ય અંશો ગુજરાતી અનુવાદ સ્વરૂપે વાંચકોની સેવામાં પ્રસ્તુત છે. જેના વાંચન થી એ હકીકત સામે આવી જશે કે શરીર, આત્મા, પ્રાણ અને દિલ ને સબંધિત હુકમો તથા તમામ ઉલૂમે ઇલાહી અને મારેફતે ઇલાહી નું નામ શરીઅત છે. જેના એક ટુકડા નું નામ તરીકત અને મારેફત છે. સમગ્ર ઉમ્મત ના આલિમો આ બાબતે સંગઠિત છે કે તરીકત, હકીકત અને મારેફત ના દરેક સિધ્ધાંત અને કાર્યને શરીઅત ના ત્રાજવે જોખવા માં આવશે. જો તે સિધ્ધાંતો અને કાર્યો શરીઅત ના નિયમોને અનુરૂપ અને સુસંગત હશે તો જ સ્વીકાર્ય ગણાશે અન્યથા તે રદ-બાતલ જ ગણાશે. શરીઅત ને તજી ને અન્ય રાહે ખુદા સુધી પહોંચવું અશક્ય જ છે. શરીઅત નું ઇલ્મ પ્રાપ્ત કર્યા વગર તરીકત અને મારેફત નું ઇલ્મ પ્રાપ્ત થઈ શકતું જ નથી.

ઇમામ અહમદ રઝા બરેલ્વીએ વર્ણનીય કિતાબ માં કુરઆન અને હદીષ ના હવાલાઓ તથા ઔલિયા-એ-કિરામ ની મુકદ્દસ જમાઅત ના ચાલીસ (૪૦) વલીઓ ના કથનો દ્વારા આ વિષય ની જે વિસ્તૃત છણાવટ કરી છે, તેની પ્રસંશા માટે શબ્દો મળે તેમ નથી.



www.markazahlesunnat.com



ખુદા એ તઆલા તેના પ્યારા મહેબૂબે આઝમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ના સદકા માં દરેક મો'મિન ને શરીઅત ની જાણકારી અને પાબંદી આપે.

આમીન

પોરબંદર
તા. ૨૦/૧૦/૧૯૯૬
રવીવાર

બારગાહે 'રઝા' નો અદના સવાલી
હાજી અ.સત્તાર અ. હબીબ હામદાણી
(બરકાતી-રઝવી-નૂરી)

## અલ્લામા હમદાની ની નવી કૃતિઓ પ્રગટ થઈ ચુકી છે.

- ★ **જલાલે મુસ્તફા** (ઉર્દૂ, હિન્દી, ગુજરાતી)
- ★ **મસ્જિદ પ્રવેશ નિષેધ** (ઉર્દૂ, હિન્દી, ગુજરાતી)
- ★ **નબુવ્વત ના જૂઠા દાવેદારો અને કાદીયાની મઝહબ** (ઉર્દૂ અને ગુજરાતી)
- ★ **મુજદ્દિદે આઝમ બ-ઝબાને મુહદ્દિષે-આઝમ** (ગુજરાતી)

આજે જ સંપર્ક સાધો :-
મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા - પોરબંદર
મોબાઇલ :- ૯૮૭૯૩૦૩૫૫૭

## બિસ્મિલ્લાહિર્રહેમાનિર્રહીમ

તમામ ખૂબીઓ તે અલ્લાહ માટે કે જેણે શરીઅત નાઝિલ ફરમાવી અને પોતાના સુધી પહોંચવાનો શરીઅત ને ઝરીઓ બનાવ્યો. અને જેણે શરીઅત ને તજીને અન્ય માર્ગ અપનાવ્યો, તે નિ:શંક બહેકી ગયો અને ગુમરાહ થયો. અને દરૂદ નાઝિલ થાય તે મહાન નબી પર કે જેઓ સલામતી ના માર્ગ તરફ બોલાવનારા મહાન માર્ગદર્શક છે. તે માર્ગ શરીઅત છે અને તે તરીકત છે, જે વાસ્તવમાં હકીકત છે. તે દ્વારા જ મારેફત પ્રાપ્ત થાય છે. તે માર્ગે ચાલવાથી જ મહાન અલ્લાહ સુધી પહોંચી શકાય છે.

આજકાલ લોકોમાં અમુક તત્વો એવી માન્યતા ફેલાવવાના પ્રયત્નો કરે છે કે શરીઅત તો અમુક નિયમો, ફર્ઝો, વાજિબો, સુન્નતો, મુસ્તહબો તથા હલાલ-હરામ ના કાનૂનો નું નામ છે. આ માન્યતા હળાહળ અજ્ઞાનતા ભરેલી છે બલ્કે શરીઅત તો શરીર, પ્રાણ, આત્મા, હૃદય ને સ્પર્શતી બાબતો તથા ખુદા નું ઇલ્મ અને ખુદા ની મારેફત ની અમર્યાદિત જાણકારી ને અનુલક્ષે છે. જેના એક ટુકડા નું નામ તરીકત અને મારેફત છે. જેથી જ તમામ ઔલિયા-એ-કિરામ ની વિસ્મય બાબતો ને શરીઅત ના નિયમો દ્વારા ચકાસવામાં આવશે. જો તે બાબતો શરીઅત ને અનુરૂપ છે, તો તે સ્વીકૃત ગણાશે, નહિંતર તેવી બાબતો તજી દેવાને પાત્ર ગણાશે. કેમકે શરીઅત જ આધાર સ્થંભ છે. બધી બાબતો નો મદાર શરીઅત પર છે. શરીઅત જ મૂળ હેતૂ છે. શરીઅત રાહ (રાસ્તા) ને કહે છે. અને શરીઅતે-મુહમ્મદિયા નો અર્થ મુહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ નો



www.markazahlesunnat.com



રસ્તો છે. જે નિ:શંક સમગ્ર બાબતો ને આવરી લે છે. આ તે રસ્તો છે કે જેને પ્રાપ્ત કરવાની દુઆ દરેક મો'મિન પાંચેય સમયની દરેક નમાઝ બલ્કે દરેક રકાત માં કરે છે અને તે રસ્તા પર અડગ રહેવું દરેક મો'મિન માટે વાજિબ ઠરાવવા માં આવ્યું છે. કુરઆન શરીફ ની પ્રથમ સૂરત એટલે કે સૂર-એ-ફાતેહા માં છે કે **"એહદેનસ-સિરાતલ-મુસ્તકીમ"** અર્થાત **"અમોને સીધા રસ્તે ચલાવ"** જેનો ભાવાર્થ એ થયો કે અમને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ના પંથે ચલાવ અને તેઓની શરીઅત પર સાબિત કદમ (અડગ) રાખ.

## સિરાતે મુસ્તકીમ શું છે ?

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ, હઝરત ઇમામ અબૂલ આલિયા તથા હઝરત ઇમામ હસન બસરી રદીઅલ્લાહો તઆલા અન્હુમ ફરમાવે છે કે :-

**"અસ્સિરાતલ-મુસ્તકીમ-રસૂલુલ્લાહે-સલ્લલ્લાહો-તઆલા-અલૈહે-વસલ્લમા-વ-સાહેબાહુ"**

**-: અનુવાદ :-**

**"સિરાતો મુસ્તકીમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ તથા હઝરત અબૂબકર સિદ્દીક અને હઝરત ઉમર ફારૂક રદીઅલ્લાહો તઆલા અન્હુમા છે."**

ઉપરોક્ત હદીષ ને હાકિમે હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ થી રિવાયત કરી છે.

● કુરઆન શરીફ માં છે કે :-

આયત :- "વ-ઇન્ના-હાઝા-સિરાતી-મુસ્તકીમન-ફત્તબેઊ-વલા-તત્તબેઊસ-સુબુલા-ફ-તફર્રકા-બેકુમ-અન-સબીલેહી-ઝાલેકુમ-વસ્સાકુમ-બેહી-લઅલ્લકુમ-તત્તકુન"

(કુરઆન શરીફ, પારા નં. ૮, સૂરએ-અન્આમ, રૂકૂઅ નં. ૬, આયત નં. ૧૫૩)

-: અનુવાદ :-

(એ મહેબૂબ તમો ફરમાવી દો કે) "અને આ શરીઅત મારો સીધો રસ્તો છે તો તેનું અનુકરણ કરો અને તે સિવાય ના અન્ય રસ્તાઓ પાછળ ન જાઓ કે તે રસ્તાઓ તમોને ખુદાના માર્ગ થી અલગ કરી દે. અલ્લાહ તમોને તાકીદ કરે છે કે જેથી તમો પરહેઝગારી અપનાવો"

ઉપરોક્ત આયત દ્વારા કુરઆન માં સ્પષ્ટ ફરમાવી દેવામાં આવ્યું છે કે શરીઅત જ ફક્ત તે માર્ગ છે કે જેના દ્વારા ખુદા સુધી પહોંચી શકાય છે અને શરીઅત ને તજીને જે કોઈ અન્ય માર્ગે ચાલશે, તે રાહે-ખુદા થી અલગ ફંટાઈ જશે. અમુક લોકો એવું કહે છે કે તરીકત દ્વારા જ ખુદા સુધી પહોંચી શકાય છે. આ માન્યતા અજ્ઞાનતા અને બુધ્ધીહીન કક્ષાની છે કેમકે થોડુંક પણ ભણેલો-પઢેલો સારી પેઠે જાણે છે કે તરીકત પણ માર્ગ ને કહેવામાં આવે છે. મંઝીલ નું નામ તરીકત નથી. તો જ્યારે તરીકત પણ એક માર્ગ છે તો તે માર્ગ જો શરીઅત થી અલગ ફંટાતો હશે તો તે માર્ગ કુરઆન ની સાક્ષી મુજબ હરગિઝ ખુદા સુધી પહોંચશે નહીં. બલ્કે શૈતાન સુધી લઈ જશે. કેમકે જે માર્ગ શરીઅત ની વિરૂધ્ધ નું છે તે માર્ગ પથિક ને જન્નત ના બદલે જહન્નમ માં જ પહોંચાડશે. તો સાબિત થયું કે તરીકત તે પણ શરીઅત જ છે



www.markazahlesunnat.com

અને શરીઅત નો એક પ્રકાશિત ભાગ છે. તરીકત નું શરીઅત થી અલગ હોવું અશક્ય જ છે અને જે વ્યક્તિ તરીકત ને શરીઅત થી વિપરિત માને છે તે ખુદાની રાહ તજીને ઇબ્લીસ ની રાહ અપનાવી રહ્યો છે.

તરીકત માં જો કંઈ પણ ગુપ્તભેદો અને કશ્ફ પ્રાપ્ત થાય છે તે બધું શરીઅત ની પાબંદી નું જ ફળ છે. શરીઅત ની પાબંદી કર્યા વગર જે કંઈ પણ મળે છે તે ફક્ત ગુમરાહી અને અંધકાર જ છે. મોટા મોટા જોગીઓ, મુનીઓ અને પાદરીઓને ઘણી વખત મોટા મોટા કશ્ફ થાય છે પણ તે કશ્ફ અઝાબ અને જહન્નમ ની તરફ જ ઢસડી જાય છે.

શરીઅત એક વિશાળ અને ઉંડો સમુદ્ર છે, જ્યારે તરીકત તેમાં થી નિકળેલી એક નહેર છે. જો નહેર નો સબંધ સમુદ્ર થી કપાઈ જશે તો પરિણામ એ આવશે કે ખૂદ નહેર સુકાઈ જશે. નહેર સુકાઈ જશે તો તેનાથી સમુદ્ર ને કંઇજ ફરક નહીં પડે. નહેર સમુદ્ર થી કપાઈ જવાના કારણે તે નહેર દ્વારા જે વિસ્તાર ને પાણી મળતું હશે તે વિસ્તાર સુકાઈ જશે અને ત્યાંના ફૂલ-ઝાડ વાતાવરણ ની ગરમી અને સુર્યની અગ્નિ ના કારણે બળી ને ભસ્મીભૂત થઈ જશે. તેવી જ રીતે તરીકત ની જે નહેર શરીઅત ના સમુદ્ર થી કપાઈ જશે, તેના પણ તેવા જ હાલ-હેવાલ થશે. જેવું કે કુરઆન માં ઇરશાદ છે કે "નારૂલ્લાહિલ-મોઅ્કદતુન-તત્તલેઓ-અલલ-અફએદા" (કુરઆન શરીફ, પારા નં. ૩૦, સૂરતુલ હુમઝહ, આયત નં. ૬/૭) અર્થાત "અલ્લાહ ની ભડકાવેલી આગ દિલો પર ચઢે છે." તેઓની હાલત એ હોય છે કે અંદર થી ઈમાન બળીને ખાક થઈ જાય છે અને બાહય દેખાવમાં તો જાણે ખળખળ વહેતું પાણી દ્રષ્ટિગોચર થાય છે. પણ હકીકત એ છે કે જે પાણી દેખાઈ રહ્યું છે તે એક ભ્રમ છે, જેવું કે મૃગજળ.

ઉપરાંત, દરેક પાણી પીવા યોગ્ય નથી હોતું. જેમકે સમુદ્ર નું પાણી તેમાં રહેલી ખારાશ ના કારણે પી શકાતું જ નથી. ખેતી ના ઉપયોગ માં આવતું નથી. જ્યારે વરસાદ, નદી, તળાવ અને કુવા વગેરે નું પાણી અનેક ઉપયોગ માં આવે છે અને તેના થી અસંખ્ય ફાયદાઓ મેળવી શકાય છે. તો શરીઅત છે, તે મધૂર જળ છે. અને શરીઅત ને તજી ને જે માર્ગ છે, તે ખારૂ પાણી છે. જેમકે **"હાઝા-અઝબુન-ફુરાતુન-વ-હાઝા-મિલહુન-ઉજાઝુન"** (કુરઆન શરીફ, પારા નં. ૧૯, સૂરએ ફુરકાન, આયત નં. ૫૩) અર્થાત **"એક અતિ મીઠુ મધુર છે અને એક એકદમ ખારૂં છે."** તો જે ખારૂ પાણી છે તે શૈતાન ના વસવસા અને દગાબાઝી છે. માટે જેઓ મીઠા પાણી થી ફાયદો લેનારા છે તેઓના માટે ઝરૂરી છે કે તેઓ પાણી ના રંગ અને સ્વાદ ની પ્રથમ ચકાસણી કરી જુએ. જો તેનો સ્વાદ શરીઅત ની મર્યાદા માં રહેલું મીઠું અને મધૂર છે તો તે ઝરૂર સ્વીકૃત છે અને જો તેવું નથી, તો સમજી લો કે આ પણ શૈતાનીય-જળ છે. પણ અફસોસ ! આજ ના યુગ માં મીઠા અને ખારા પાણીનો તફાવત જોવાની, સમજવાની, ચકાસવાની કે પરખવાની કોઈને પડી નથી. બલ્કે ખારૂં અને દુર્ગંધ મારતું જળ અમુક લોકો શૈતાન ના બહેકાવવા માં આવીને ગટગટાવી ને પીતા હોય છે અને એવા ભ્રમ માં હોય છે કે હિદાયત ના નીરવ નીરનું પાન કરી રહ્યો છું પણ હકીકત માં તો તે ગુમરાહી નું તજય-જળ પોતાના જઠર માં સંગ્રહી રહ્યો છે.

***દરેક પળે શરીઅત ની ઝરૂરત છે અને***
***શરીઅત ને સમજવા માટે ઈલ્મ ની ઝરૂરત છે.***

શરીઅત એક એવો અનિવાર્ય અને આવશ્યક માર્ગ





છે કે જેની દરેક ક્ષણે મો'મિન ને ઝરૂરત છે. શરીઅત વગર શ્વાસ લેવું પણ દુર્લભ છે. જીવન ની દરેક પળ બલ્કે જીવન નાં અંતિમ શ્વાસ સુધી શરીઅત વગર ચાલવાનું નથી અને જે લોકોએ તરીકત ના માર્ગે કદમ રાખ્યા છે, તેઓના માટે તો શરીઅત અતિ-આવશ્યક છે. કેમકે જેમ જેમ માર્ગ વધુ અટપટો અને ભુલ-ભુલામણી વાળો હોય છે, તેમ તેમ માર્ગદર્શક ની આવશ્યકતા તીવ્ર સ્વરૂપે હોય છે. જે લોકો ઇબાદત દ્વારા દરજ્જાઓ હાસિલ કરી રહ્યા હોય છે તેઓ ના માટે શરીઅત વધુ આવશ્યક છે અને શરીઅત નું પાલન શરીઅત ના ઇલ્મ ની જાણકારી દ્વારા જ પ્રાપ્ત થાય છે.

## હદીષ

▣ હઝરત અબૂ નઈમે હુલિયા માં હઝરત વાષેલા બિન અસકઅ રદીઅલ્લાહો તઆલા અન્હો થી રિવાયત કરે છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ફરમાવે છે કે :-

**"અલ-મુતઅબ્બેદુન-બેગેરે-ફિકહિન-કલ-હિમારે-ફીત-તાહૂન-"** અર્થાત :- **"ફિકહ (શરીઅત નું ઇલ્મ) વગર ઇબાદત માં પડનારો એવો છે કે જેમ કે ચક્કી ખેંચનારો ગધેડો કે કષ્ટ સહન કરે અને નફો કંઈ ન મેળવે"**

▣ અમીરૂલ મો'મેનીન, સૈયદના હઝરત અલી રદીઅલ્લાહો તઆલા અન્હો ઇરશાદ ફરમાવે છે કે :-

**"કસમા-ઝહરી-ઇષનાને-જાહેલુન-મુતનસ્સેકુન-વ-આલિમુન-મુન્હતેકુન"**

-: અનુવાદ :-

"બે વ્યક્તિઓ એ મારી કમર તોડી નાખી.



www.markazahlesunnat.com

એક જાહિલ આબિદ અને બીજો તે આલિમ કે જે જાહેર માં ગુનો કરે છે."

માટે, એ પ્રિય ! જાણી લે, કે શરીઅત એક એવી ઇમારત છે કે જેનો પાયો અકીદો છે અને નેક અમલ તેના પર નું ચણતર છે. અને તે પાયા ઉપર જે દિવાલ ચણવા માં આવે છે અને જ્યારે તે દિવાલો ગગનચુંબી ઉંચાઈ ધારણ કરે છે, ત્યારે તે તરીકત ની મંઝિલ હોય છે અને બાંધકામ નો સર્વમાન્ય નિયમ છે કે જેમ દિવાલ ની ઉંચાઈ વધુ તેમ તેના પાયાની ઉંડાઈ વધુ હોવી ઝરૂરી છે. ઉપરાંત, દિવાલ નો ઉપર નો ભાગ નીચેના ભાગ ઉપર જ આધારિત હોય છે. જો દિવાલ નો નીચેનો ભાગ ખસેડી લેવામાં આવે તો ઉપર નો ભાગ આપોઆપ કડડભૂસ કરીને ઝમીનદોસ્ત થઈ જશે. તો જો કોઈ તરીકત ની બુલંદ દીવાલ ચણે અને અમુક ઉંચાઈ ધારણ કર્યા બાદ તેની બુધ્ધિ ભ્રષ્ટ થઈ જાય અને એવું વિચારે કે હવે તો ઉંચાઈ પ્રાપ્ત કરી લીધી છે. નીચેના ભાગ એટલે કે પાયા એટલે કે શરીઅત ની કોઈ ઝરૂર નથી અને તે વ્યક્તિ પોતાના તરંગી વિચાર ને અમલ માં મુકી શરીઅત રૂપી પાયો ખોદી નાખે તો પરિણામ એ આવશે કે તેની ચણેલી તરીકત ની દિવાલ કાટમાળ માં ફેરવાઈ જશે.

● **ઔલિયા-એ-કિરામ ફરમાવે છે કે જાહિલ સૂફી શૈતાન નો મશખરો છે એટલે કે શૈતાન તેની મસ્કરી કરે છે.**

## હદીષ

ઇમામ તિર્મિઝી અને ઇબ્ને માજા હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ રદીઅલ્લાહો તઆલા અન્હો થી રિવાયત કરે છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ફરમાવે છે કે :-



www.markazahlesunnat.com



**"ફકીહુન-વાહેદુન-અશદ્દો-અલશ-શયતાને-મિન-અલ્ફે-આબેદીન"**

-: અનુવાદ :-

**"એક ફકીહ (શરીઅત નું ઇલ્મ ધરાવનાર) શૈતાન માટે એક હજાર આબિદ થી ભારે છે."**

જેથી જ શરીઅત ના ઇલ્મ વગર મુજાહેદો કરનાર ને શૈતાન આંગળી ના ટેરવે નચાવે છે. મોઢા માં લગામ અને નાક માં કડુ પહેરાવીને જ્યાં ઇચ્છે છે ત્યાં ચકરાવે ચઢાવે છે. અને તે જાહિલ ઇબાદત કરનારો એવું સમજે છે કે **"વ-હુમ-યહસબૂના-ઇન્નહુમ-યુહસેનૂના-સુનઆ"** (કુરઆન શરીફ, પારા નં. ૧૬, સૂરએ કહફ, આયત નં. ૧૦૪) એટલે કે **"તે પોતાના મન માં એવું સમજે છે કે હું ઉત્તમ કાર્ય કરી રહ્યો છું"** પણ વાસ્તવિક્તા એ છે કે તે શૈતાન ના હાથ ની કઠપુતલી બની બેઠો છે.

અંબિયા-એ-કિરામ હમેંશા પોતાની ઉમ્મત ને શરીઅત ની તરફ જ બોલાવેલ છે. કેમકે શરીઅત જ અલ્લાહ સુધી પહોંચાડનારો માર્ગ છે. **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમે પોતાની ઉમ્મત ને ચુસ્તપણે શરીઅત ની પાબંદી કરવાના આદેશો આપ્યા છે અને પોતાની ઉમ્મત ના આલિમો ને અંબિયા-એ-કિરામ ના વારષદારો ઠરાવ્યા છે. જેવું કે હદીષ માં ઇરશાદ છે કે **"ઇન્નલ-ઓલોમાઅ-વરષતુલ-અંબિયાએ"** અર્થાત : "નિ:શંક, આલિમો અંબિયા ના વારષદારો છે." હવે એ જાણીએ કે આલિમો કઈ બાબત માં નબીઓ ના વારષદારો છે ? તો સ્પષ્ટ છે કે આલિમો અંબિયા ના ઇલ્મ ના વારષદારો છે. અને તે ઇલ્મ એટલે કે "ઇલ્મે-

શરીઅત" છે. જાહિર અને બાતિન બન્ને ઇલ્મો "ઇલ્મે-શરીઅત" ના કારણે જ પ્રાપ્ત થાય છે, ત્યાં સુધી કે વિલાયત કે જેમાં ઇલ્મે-બાતિન વિશેષ સ્વરૂપે હોય છે તે વિલાયત પણ ઇલ્મે-ઝાહિર ને અનુલક્ષી ને હોય છે.

## કોઇ જાહિલ કદી પણ વલી નહીં બની શકે

● અલ્લામા મુનાદી "શરહે જામેઅ સગીર" માં તથા આરિફ બિલ્લાહ સૈયદી અબ્દુલ ગની નાબ્લુસી પોતાની કિતાબ "હુદૈકા-નદીય્યા" માં વર્ણન કરે છે કે હઝરત ઇમામ માલિક રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

"ઇલ્મુલ-બાતિને-લા-યાઅરફહુ-ઇલ્લા-મન-અરફા-ઇલ્મઝ-ઝાહિરે"

-: અનુવાદ :-

"ઇલ્મે બાતિન તે જ જાણી સકશે કે જે ઇલ્મે-ઝાહિર જાણે છે"

● હઝરત ઇમામ શાફઈ રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :- "મત્તખઝલ્લાહો-વલીયન-જાહેલન"

-: અનુવાદ :-

"અલ્લાહે કદી પણ કોઈ જાહીલ ને પોતાનો વલી નથી બનાવ્યો"

જેનો અર્થ એ છે કે અલ્લાહ કોઈ જાહિલ (અજ્ઞાન) ને તેની જહાલત ની હાલત માં યથાવત રાખીને વિલાયત નથી અર્પણ કરતો અને જેથી જ અગર કોઈ જાહિલ ને વિલાયત અર્પણ કરવાની હોય છે તો સૌ પ્રથમ તેને "ઇલ્મ"





www.markazahlesunnat.com

અતા ફરમાવવા માં આવે છે ત્યાર બાદ જ તેને "વલી" બનાવવા માં આવે છે. કેમકે વિલાયત ઇલ્મે બાતિન પર આધારિત છે. તો જે ઇલ્મે-ઝાહિર (શરીઅત નું ઇલ્મ) નથી જાણતો, તેને ઇલ્મે બાતિન ની જાણકારી કેવી રીતે મળી શકે.

● અલ્લાહ તબારક વ તઆલા સબંધે બંદાઓ માટે પાંચ (૫) ઇલ્મો છે. (૧) ઇલ્મે-ઝાત (૨) ઇલ્મે-સિફાત (૩) ઇલ્મે-અસ્માઅ (૪) ઇલ્મે-અફઆલ અને (૫) ઇલ્મે-એહકામ.

ઉપરોક્ત પાંચેય ઇલ્મો ક્રમવાર કઠીન છે એટલે કે સૌથી કઠીન ઇલ્મે-ઝાત અને સૌથી સરળ ઇલ્મે-એહકામ છે. "ઇલ્મે-એહકામ" એટલે કે શરીઅત નું ઈલ્મ કે જે ઉપરોક્ત વર્ણનીય પાંચ (૫) ઇલ્મો માં સૌથી સરળ અને સહેલું ઇલ્મ છે. તો જે શખ્સ ઇલ્મે એહકામ કે જે પહેલું પગથિયું છે તેમા જ લાચાર છે તે શખ્સ અંતિમ પગથિયા રૂપે નું "ઇલ્મે-ઝાત" કેવી રીતે મેળવી શકશે. જે શખ્સ સીડી નું પ્રથમ પગથિયું નથી ચડી સકતો તેના માટે એવી આશા રાખવી નરી મુર્ખાઈ જ છે કે અંતિમ પગથિયે પહોંચીને ત્યારબાદ છત ઉપર પહોંચી જશે.

તો પુરવાર થયું કે સૌથી આસાન ઇલ્મે-એહકામ એટલે કે શરીઅત નું ઇલ્મ છે અને ઓલોમા-એ-કિરામ શરીઅત ના ઇલ્મ માં નિષ્ણાંત હોય છે. આ ઇલ્મે-શરીઅત ની રૌશની થી જ આલિમો હિદાયત ના માર્ગ ઉપર લોકોને આમંત્રે અને આકર્ષે છે. જેથી જ આલિમો ને નબીઓ ના વારસદાર કહેવામાં આવ્યા છે. તે આલિમો માં "બા-અમલ" અને "બે-અમલ" બધા નો સમાવેશ થઈ જાય છે.

● અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે કે :-

આયત :-

"સુમ્મા-અવરષનલ-કિતાબલ-લઝીનસ-તફયના-મિન-ઇબાદેના-ફ-મિન્હુમ-ઝાલેમુન-લે-નફસેહી-વ-મિન્હુમ-મુક્તસેદુન-વ-મિન્હુમ-સાબેકુન-બિલ-ખયરાતે-બે-ઇઝનિલ્લાહે-ઝાલેકા-હુવલ-ફઝલુલ-કબીર"

કુરઆન શરીફ : પારા નં. ૨૨, સૂરએ ફાતિર, રૂકૂઅ નં. ૧૬, આયત નં. ૩૨

-: અનુવાદ :-

"પછી અમોએ કિતાબ ના વારસદાર બનાવ્યા પોતાના ચુંટી કાઢેલા બંદાઓને, કે જેમાં થી કોઈ તો પોતાની જાન પર ઝુલ્મ કરનારા છે, કોઈ મધ્યમ કક્ષા માં છે અને કોઈ ખુદા ના હુક્મ થી ભલાઈ માં આગળ આગળ રહેનારા છે, આજ મોટો ફઝલ છે"

ઉપરોક્ત આયત માં આલિમો ના ત્રણ પ્રકાર બતાવવા માં આવ્યા છે.

(૧) પોતાની જાન ઉપર ઝુલ્મ કરનારા એટલે કે અમલ ન કરનારા અને ગુનેહગાર.

(૨) મધ્યમ પ્રકાર ના.

(૩) નેકી અને ભલાઈ ના કામ માં અતિ ઉત્સાહ રાખી હમેંશા મોખરે રહેનારાઓ.

ઉપરોક્ત ત્રણેય પ્રકાર ના આલિમોને ખુદાએ કિતાબ (કુરઆન) ના વારિસો કહ્યા, ફક્ત વારિસો જ ન કહ્યા બલ્કે પોતાના ચુંટી કાઢેલા બંદાઓ કહ્યા. અને તે બંદાઓ માં અમલ કરનારા, અમલ ન કરનારા અને તે બન્ને ની વચ્ચે



www.markazahlesunnat.com



રહેનારા તમામ પ્રકાર ના આલિમોને આવરી લેવામાં આવ્યા છે. જેવું કે હદીષ માં ફરમાન છે.

## હદીષ

કુરઆન શરીફ ની વર્ણનીય આયત ની તફસીર માં સરકારે દો-આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ ઇરશાદ ફરમાવે છે કે :-

"સાબેકોના-સાબેકૂન-વ-મુક્તસેદોના-નાજુન-વ-ઝાલેમોના-મગફૂરૂન-લહુ"

-: અનુવાદ :-

"અમારા માં જે ભલાઈ માં મોખરે રહ્યો તે મોખરે રહ્યો, જે મધ્યમ હાલ માં રહ્યો તે નજાત વાળો છે અને જેણે પોતાની જાન પર ઝુલ્મ કર્યો (ગુનોહ કર્યો) તેની પણ માફી છે"

ઉપરોક્ત હદીષ ને અકીલી, ઇબ્નુલ-અલા, ઇબ્ને મરદૂયા, અને બયહકી એ બઅષ માં તથા બગવીએ મઆલિમ માં અમીરૂલ મોઅમેનીન હઝરત ઉમર ફારૂકે આઝમ થી તથા બયહકી અને ઇબ્ને મરદૂયાએ ઇબ્ને અમ્ર ઇબ્ને નજાર મારફત હઝરત અનસ રદીઅલ્લાહો તઆલા અન્હુમ થી રિવાયત કરી છે.

## હદીષ

બઝાઝે હઝરત અબૂ હુરૈરા થી, તિબ્રાનીએ જુન્દુબ ઇબ્ને અબ્દુલ્લાહ અને અબી બરઝા અસ્લમી રદીઅલ્લાહો તઆલા અન્હુમ થી હસન-સનદ દ્વારા રિવાયત કરી છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ ઇરશાદ ફરમાવે છે કે :-

"મષલુલ-લઝી-યુઅલ્લેમુન-નાસલ-ખયરા-વ-યુન્સી-નફસહુ-મષલુલ-ફતીલતુન-તુદીઉન્નાસ-વ-તોહરેકો-નફસહુ"

-: અનુવાદ :-

"જે શખ્સ લોકોને શિક્ષણ (શીખામણ) આપે છે અને પોતાને ભુલી જાય છે તેનું દ્રષ્ટાંત એવું છે કે એક દીવા ની વાટ કે જે લોકોને પ્રકાશ આપે છે અને સ્વંય ને બાળે છે"

ઉપરોક્ત હદીષ નો ભાવાર્થ એ થયો કે જે આલિમ અન્યો ને તો નસીહત કરે છે પણ તે નસીહત પર ખુદ અમલ કરતો નથી, તે એક મીણબત્તી અથવા દીવા સમાન છે કે ખુદ ને તો આગ માં બાળે છે પણ અન્યોને તો પ્રકાશ આપે જ છે. જેથી જ બુઝુર્ગાને દીને ફરમાવ્યું છે કે જે આલિમ શરીઅત ના નિયમો નું પાલન કરે છે તેની રૌશની ચાંદની ની માફક ઠંડી અને પ્રકાશિત છે કે ખુદ પ્રકાશિત છે, અન્યોને પ્રકાશિત કરે છે અને સાથે સાથે ખુદ પણ શીતળતા ભોગવે છે અને અન્યોને પણ ઠંડક નો અનુભવ કરાવે છે. અને જે આલિમ પોતે શરીઅત પર અમલ નથી કરતો તે એક "શમ્આ" (મીણબત્તી) ની માફક છે કે ખુદ તો સળગે છે પણ તમોને અવશ્ય ફાયદો પહોંચાડે છે.

કુરઆન શરીફ માં આલિમોને કે જે સહીહ અકીદા ધરાવતા હોય, તેવા આલિમોને ખુદાએ પોતાના ચુંટેલા બંદાઓ કહ્યા, તો તેઓ નિઃશંક આલિમે રબ્બાની થયા. આલિમે રબ્બાની ની ઓળખાણ કુરઆન શરીફ માં એ રીતે આપવામાં આવે છે કે :-



www.markazahlesunnat.com



**આયત :-**

"વલા-કિન-કૂનૂ-રબ્બાનિય્યિના-બેમા-કુન્તુમ-તઅ્લમુનલ-કિતાબા-વ-બેમા-કુન્તુમ-તદરૂસૂના"

કુરઆન શરીફ : પારા નં. ૩, સૂરએ આલે ઇમરાન, રૂકૂઅ નં. ૮, આયત નં. ૭૯

-: અનુવાદ :-

"રબ્બાની થઈ જાવ, એટલા માટે કે તમો કિતાબ (કુરઆન) શીખવો છો અને એટલા માટે કે તમો શિક્ષણ અપો છો"

ઉપરોક્ત આયત માં "રબ્બાની" હોવાના ગુણો એ વર્ણન થયા કે કિતાબ શીખવી અને શીખવવી અને આ કિતાબ ના શિક્ષણ ના ફળ રૂપે શરીઅત ના હુક્મો ની જાણકારી, તેની રખેવાળી તથા તે હુક્મોના અનુસંધાને લોકોને શિખામણો આપવી, તે બધા સદગુણો આલિમે રબ્બાની ને પ્રાપ્ત થાય છે અને આલિમે રબ્બાની શરીઅત ના નિયમો ની સંપુર્ણ જાણકારી સાથે સાથે તેનું ચુસ્ત પણે પાલન પણ કરે છે.

- ઇબ્ને હાતિમે સઇદ ઇબ્ને ઝુબૈર થી રિવાયત કરી કે હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ રદીઅલ્લાહો તઆલા અન્હુમા ફરમાવે છે કે "રબ્બાની નો અર્થ ફિકહ શીખવનાર થાય છે." (ફિકહ એટલે શરીઅત ના નિયમો)
- દારમીએ પોતાની સુનન માં ઇબ્ને અબ્બાસ બિન જરીર અને ઇબ્ને હાતિમ થી તથા મુજાહિદ ઇબ્ને જરીર અને ઇબ્ને ઝુબૈર થી રિવાયત કરે છે કે હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ ના શિષ્યો હઝરત ઇમામ મુજાહિદ તથા ઇમામ સઈદ ઇબ્ને

ઝુબૈર રદીઅલ્લાહો તઆલા અન્હુમ ઇરશાદ ફરમાવે છે કે "રબ્બાનીના-ઓલોમાઓ-ફુકહાઓ" એટલે કે ફિકહ જાણનારા આલિમો રબ્બાની છે.

જે શખ્સ પોતાની અજ્ઞાનતા અને ગુમરાહી ના કારણે શરીઅત નું ઈલ્મ ધરાવનારા આલિમો ને તુચ્છ ગણે છે અને પોતાને તરીકત અને મારેફત ના પંથે ચાલનારો સમજે છે. તે શખ્સ ના દિલ ની આંખો ફુટી ગએલી છે. આલિમે શરીઅત ને હલકો સમજનાર માટે હદીષ માં શું ચેતવણી આપવામાં આવી છે તે જોઇએ.

## હદીષ

હઝરત અબૂશ શયખ 'તૌબીખ' માં હઝરત જાબિર તથા તિબ્રાનીએ "મોઅજમે-કબીર" માં ઇમામ તિર્મિઝી દ્વારા હસન ઠરાવવા માં આવેલી સનદ થી હઝરત અબી ઉમામા રદીઅલ્લાહો તઆલા અન્હુમા થી રિવાયત કરે છે કે હુઝૂરે અકદસ સરકારે દો આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ ઇરશાદ ફરમાવે છે કે :-

**"ષલાષતુન-લા-યસતખેફો-બે-હક્કેહિમ-મુનાફિકૂન-બય્યનુન-નિફાકો-ઝુશ્શયબતે-ફિલ-ઇસ્લામે-વ-ઝુલ-ઇલ્મે-વ-ઇમામુન-મુકસિતુન"**

-: અનુવાદ :-

**"જે ખુલ્લો મુનાફિક છે તે ત્રણ વ્યક્તિઓનો હક હલકો સમજશે. (૧) તે વૃધ્ધ કે જેને ઇસ્લામ માં જ ઘડપણ આવ્યું (૨) આલિમે દીન (૩) ન્યાય કરનાર બાદશાહ"**



www.markazahlesunnat.com

ઉપરોક્ત હદીષ નો ભાવાર્થ એ છે કે ત્રણ શખ્સો અતિ-આદર ને પાત્ર છે. (૧) તે બુઢ્ઢો શખ્સ કે જેણે સમગ્ર જીવન ઇસ્લામ માં વિતાવ્યું અને ઇસ્લામ માં રહીને તે શખ્સ ને ઘડપણ આવ્યું (૨) આલિમે દીન કે જે સુન્ની સહીહુલ અકીદા હોય (૩) ન્યાય પ્રિય રાજા, આ ત્રણેય વ્યક્તિઓ આદર ને પાત્ર છે, પણ જે શખ્સ ખુલ્લો મુનાફિક છે તે આ ત્રણેય આદરણીય વ્યક્તિઓ નો આદર નહીં કરે. ટૂંક માં ફક્ત એટલું કે આલિમે દીન ની તાઝીમ કરવાનો જે આદેશ છે, તે પણ શરીઅત નો તુફૈલ છે. કેમકે તે આલિમે-દીન માં અને સામાન્ય વ્યક્તિમાં ફક્ત એક જ તફાવત છે કે તે આલિમ નો સીનો શરીઅત ના ઇલ્મ થી છલકાએલો છે. શરીઅત ના ઇલ્મ ની વિશિષ્ટતાએ જ તેને આદર ને પાત્ર બનાવેલ છે. તો જેમ એક સામાન્ય વ્યક્તિ ફક્ત શરીઅત ના કારણે આદરણીય બનેલ છે, તેવી જ રીતે શરીઅત ના ઇલ્મ થી અજ્ઞાન અને શરીઅત ના નિયમો નું ઉલંઘન કરનાર ધિક્કાર ને પાત્ર છે. તેવી જ રીતે જે માર્ગ પછી તે તરીકત હોય, મારેફત હોય કે હકીકત હોય, તે બધા જ્યાં સુધી શરીઅત ની મર્યાદા માં છે ત્યાં સુધી રાહે-ખુદા છે અને જ્યારે તે માર્ગ શરીઅત ની હદ રેખા ની બાહર જઈ, શરીઅત વિરૂધ્ધ નું થઈ ગયું, તો તે માર્ગ પણ રાહે-શૈતાન બનીને તિરસ્કૃત બની જશે.

ઉપરોક્ત વર્ણન થી પુરવાર થયું કે ઓલોમા-એ-શરીઅત હરગિઝ તરીકત ના માર્ગ માટે અવરોધ રૂપ નથી, બલ્કે તે માર્ગે ચાલવાના નિરક્ષક અને સહાયક છે. બલ્કે તરીકત ના દ્વાર ને ઉઘાડનારા છે.

## તરીકત શરીઅત થી અલગ નથી, તરીકત નો આધાર શરીઅત પર છે

શરીઅત મૂળ છે. અને તરીકત વગેરે તેની શાખા હોવાના કારણે તેના થી અલગ નથી. અલબત્ત શરીઅત ની પેટા શાખા હોવાના કારણે તે શરીઅત પર જ આધારિત છે. આ સબંધે રાહે-તરીકત ના મહાન ઔલિયા-એ-કિરામ ના ઇરશાદો આધારભૂત કિતાબોના હવાલા થી અત્રે રજૂ કરવામાં આવે છે. તેના વાંચન થી ચોક્કસ ખાત્રી થઈ જશે કે શરીઅત ની મહાનતા સર્વમાન્ય છે.

● હુઝૂર પુરનૂર, કુત્બુલ-ઇરશાદ, પીરાને પીર, સૈયદના ગૌષે આઝમ રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે,

**"ખુદાની નક્કી કરેલી અને બાંધેલી હદ થી કદી જુદો ન થા અને ખુદા ના દરેક અમ્ર (હુકમ) અને નહી (મનાઈ) નું ચુસ્તપણે પાલન કર. જો શરીઅતે બાંધેલી હદો માં તારા થી ખલલ પહોંચે તો તૂં સમજી લે કે તૂં ફિત્ના માં પડી ગયો. બેશક ! શૈતાન તારી સાથે ખેલી રહ્યો છે. માટે તરત જ શરીઅત તરફ પાછો આવ અને શૈતાન થી દૂર થઈ જા અને તારા નફ્સ ની પૈરવી (અનુકરણ) ન કર. કેમકે જે હકીકત નું સમર્થન શરીઅત ન કરે, તે હકીકત બાતિલ છે"**

(હવાલા માટે જુઓ :- તબકાતુલ-ઔલિયા, લેખક :- ઇમામ આરિફે બિલ્લાહ અબ્દુલ વહાબ શેઅરાની, જીલ્દ : ૧, પેઇજ નં. ૧૩૧, પ્રકાશિત - ઇજીપ્ત)



www.markazahlesunnat.com



● હુઝૂર પુરનૂર, ગૌષે આઝમ દસ્તગીર શયખ અબ્દુલ કાદિર જીલાની રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

**"તારા દીલ માં કોઈના પ્રત્યે દુશ્મની અથવા મોહબ્બત નો અનુભવ થાય, તો તેને કુરઆન અને હદીષ સમક્ષ રજૂ કર, જો તે કુરઆન અને હદીષ મુજબ પસંદ કરવામાં આવે, તો તેને અપનાવ, નહીંતર તેને તજી દે, કે જેથી તારી ઇચ્છા મુજબ ન કોઈને દોસ્ત બનાવ, કે ન કોઈને દુશ્મન બનાવ. અલ્લાહ તઆલા ફરમાવે છે કે "વલા-તત્તબેઇલ-હવા-ફ-યુદિલ્લોકા-અન-સબીલિલ્લાહે" અર્થાત :- "ખ્વાહિશ ની પૈરવી ન કર, કે તને ખુદાની રાહ થી બહેકાવી દે"**

(હવાલા માટે જુઓ :- તબકાતુલ-કુબ્રા, પેઇજ નં. ૧૩૦)

## વલી ની કરામત શું છે ?

● હુઝૂર પુરનૂર, પીરાને પીર, પીરે દસ્તગીર, હઝરત સૈયદના અબ્દુલ કાદિર જીલાની બગદાદી રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

**"અલ-વિલાયતો-ઝિલ્લુન-નબુવ્વતે-વન્નબુવ્વતો-ઝિલ્લુલ-ઉલૂહિય્યતે-વ-કરામતુલ-વલીય્યે-ઇસ્તેકામતો-ફેઅલેહી-અલા-કાનૂને-કવલિન-નબીય્યે-સલ્લલ્લાહો-તઆલા-અલેહે-વસલ્લમા"**

-: અનુવાદ :-

"વિલાયત પરતવે (પ્રતિબિંબ) નબુવ્વત છે અને નબુવ્વત પરતવે ઉલૂહિયત (ખુદાઈ) છે. વલી ની કરામત એ છે કે તેનું કામ નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ

ના ફરમાન ના કાનૂન મુજબ બરાબર હોય"

(હવાલા માટે જુઓ :- "બહજતુલ-અસરાર" (અરબી) લેખકઃ- ઇમામે અજલ સૈયદી અબુલ હસન નૂરૂદ્દીન અલી ઇબ્ને જરીર શતનૂફી પેઇજ નં. ૩૯, પ્રકાશિત :- ઇજીપ્ત)

## શરીઅત ની મહત્વતા

● તમામ વલીઓ ના સરદાર, હુઝૂર પુરનૂર સૈયદના ગૌષે આઝમ, કુત્બે આલમ, રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

"શરીઅતે મુહમ્મદી સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ તે દીને ઇસ્લામ ના ઝાડ નું ફળ છે. શરીઅત તે પ્રકાશિત સુરજ છે કે જેની ચમક થી સમગ્ર વિશ્વ નો અંધકાર પ્રકાશ માં પલટાઈ ગયો. શરીઅત ની પૈરવી કરવા થી બંને જહાં ની સઆદત (ભલાઈ) પ્રાપ્ત થાય છે ખબરદાર ! શરીઅત ના વર્તુળ ની બહાર જતો નહીં અને શરીઅત વાળાઓ ની જમાઅત થી અલગ થતો નહીં"

(હવાલા માટે જુઓ :- "બહજતુલ-અસરાર"(ઇજીપ્ત)પેઇજ નં. ૪૯)

● હુઝૂર પુરનૂર, સૈયદના અબ્દુલ કાદિર જીલાની, કુત્બુલ કૌનૈન, ગૌષુસ્સકલૈન, રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

"અકરબુત-તરકે-ઇલલ્લાહે-તઆલા-અલ-લુઝૂમો-કાનૂનલ-ઉબૂદિયતે-વલ-ઈસ્તિમ્સાકો-બો-ઉરવતિશ-શરીઅતે"



www.markazahlesunnat.com



-: અનુવાદ :-

"અલ્લાહ તબારક વ તઆલા ની તરફ સૌથી નઝદીક રસ્તો એ છે કે બંદગી ના નિયમો ને અને શરીઅત ની રસ્સી ને મઝબૂતી સાથે પકડી રાખવું"

(હવાલા માટે જુઓ :- "બહજતુલ-અસરાર"(ઇજીપ્ત) પેઇજ નં. ૫૦)

## હઝરત જુનૈદ બગદાદી ને તેમના પીરે આપેલી દુઆ

● હઝરત સૈયદના જુનૈદ બગદાદી રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે મારા પીરે તરીકત, હઝરત સિર્રી સકતી રદીઅલ્લાહો તઆલા અન્હો એ મને દુઆ આપી કે :-

"જઅલકલ્લાહો-સાહેબા-હદીષિન-સૂફીયંવ-વલા-જઅલકા-સૂફીયન-કબલા-સાહબા-હદીષ"

-: અનુવાદ :-

"અલ્લાહ તઆલા તમોને હદીષો નો જાણકાર કરીને સૂફી બનાવે અને હદીષ નો જાણકાર હોવા પહેલા સૂફી ન બનાવે"

(હવાલા માટે જુઓ :- "અહયાઉલ ઉલૂમ" લેખક :- હુજ્જતુલ ઇસ્લામ હઝરત ઇમામ મુહમ્મદ ગઝાલી, ભાગ-૧, પેઇજ નં. ૧૩)

● હઝરત જુનૈદ બગદાદી ને તેમના પીરો-મુર્શિદ હઝરત સિર્રી સકતી રદીઅલ્લાહો તઆલા અન્હોમા એ આપેલી દુઆ ની શરહ માં હુજ્જતુલ ઇસ્લામ હઝરત ઇમામ મુહમ્મદ ગઝાલી કુદ્દેસા સિર્રહુલ આલી ફરમાવે છે કે :-

**"અશારા-ઇલા-અન્ના-મન-હસલલ-હદીષા-વલ-ઇલ્મા-ષુમ્મા-તસવ્વફા-અફલહા-વ-મન-તસવ્વફા-કબલલ-ઇલ્મે-ખાતરા-બે-નફસેહિ"**

-: અનુવાદ :-

**"હઝરત સિર્રી સકતીએ આ બાબતનો સંકેત કર્યો છે કે જેણે પ્રથમ હદીષ અને ઇલ્મ શિખ્યું, ત્યાર બાદ તસવ્વુફ માં પગ મુક્યો, તો તે ભલાઈ ને પહોંચ્યો અને જેણે ઇલ્મ હાસિલ કર્યા પહેલા સૂફી બનવાનો પ્રયત્ન કર્યો, તેણે સ્વંય ને બરબાદી માં નાખ્યો"**

(હવાલા માટે જુઓ :- "અહયાઉલ ઉલૂમ" લેખક :- હુજ્જતુલ ઇસ્લામ હઝરત ઇમામ મુહમ્મદ ગઝાલી, ભાગ-૧, પેઇજ નં. ૧૩)

## શરીઅત ને તજી દેનારો ક્યાં પહોંચશે ?

સૈયદુત-તાએફા, વલી-એ-કામિલ, હઝરત જુનૈદ બગદાદી રદીઅલ્લાહો તઆલા અન્હો થી અર્ઝ કરવામાં આવી કે અમુક લોકો એવી માન્યતા ધરાવે છે કે **"ઇન્નત-તકાલીફા-કાનત-વસીલતુન-ઇલલ-વુસૂલે-ફ-કદ-વસલના"** એટલે કે શરીઅત ના એહકામ તો વુસૂલ (ખુદા સુધી પહોંચવા) ના વસીલા હતા અને અમો તો પહોંચેલા છીએં, એટલે કે હવે અમોને શરીઅત ની શું ઝરૂરત છે ? આ સાંભળી હઝરત જુનૈદ બગદાદી એ ફરમાવ્યું કે :-

**"સદકૂ-ફીલ-વુસૂલે-વલાકિન-ઇલા-સકરિન-વલ્લઝી-યસરોકો-વ-યઝના-ખયરૂમ-મિમ-મંય-યઅતકેદો-ઝાલેકા-વ-લવ-ઇન્ની-બકીયતો-અલફા-આમિન-મા-નકસતો-મિન-શયઇન-ઇલ્લા-બે-ઉઝરિશ-શરઈ"**



www.markazahlesunnat.com



-: અનુવાદ :-

**"તેઓ સાચુ કહે છે. તેઓ ઝરૂર પહોંચી ગએલા છે પણ ક્યાં ? જહન્નમ માં. આવા અકીદા વાળાઓ કરતા તો ચોર અને વ્યભિચારી સારા છે. જો હું હજાર વર્ષ નું આયુષ્ય પામું, તો ફર્ઝો અને વાજિબો તો મોટી બાબત છે, જે નફલો અને મુસ્તહબો નક્કી થયા છે તેમાં પણ હું શરીઅત ના યોગ્ય કારણ વગર હરગિઝ કોઈ જાતની કમી ન કરૂં"**

(હવાલા માટે જુઓ :- કિતાબ **"અલ-યવાકિત-વલ-જવાહિર-ફી-અકાઇદિલ-અકાબિર"** લેખક :- હઝરત ઇમામ શેઅરાની રદીઅલ્લાહો તઆલા અન્હો ભાગ-૧, પેઇજ નં. ૧૩૯)

## જાહિલ ને હરગિઝ પીર ન બનાવવો

● હઝરત સૈયદી અબુલ કાસિમ કુશૈરી રદીઅલ્લાહો તઆલા અન્હો પોતાની કિતાબ માં સૈયેદુત તાએફા હઝરત જુનૈદ બગદાદી રદીઅલ્લાહો તઆલા અન્હો નું કથન વર્ણન કરે છે કે :-

**"મન-લમ-યહફિઝલ-કુરઆના-વ-લમ-યકતોબલ-હદીષા-લા-યુકતદા-બેહી-ફી-હાઝલ-અમ્રે-લે-અન્ના-ઇલ્મોના-હાઝા-મુકય્યદુન-બિલ-કિતાબે-વસ્સુન્નતે"**

-: અનુવાદ :-

**"જેણે ન તો કુરઆન યાદ કર્યું કે ન તો હદીષ લખી એટલે કે જે શખ્સ ઇલ્મે શરીઅત થી વાકેફ નથી તેની ઇકતેદા (અનુકરણ) ન કરવી અને તેને પોતાનો પીર ન બનાવવો કેમકે આ ઇલ્મે તરીકત સંપૂર્ણપણે કિતાબ અને સુન્નત**

(કુરઆન અને હદીષ) નો પાબંદ છે.

હવાલા માટે જુઓ : રિસાલા કુશૈરીયા, લેખક :- હઝરત અબુલ કાસિમ કુશૈરી, પેઇજ નં. ૨૪, પ્રકાશક :- ઇજીપ્ત)

## હઝરત બાયઝીદ બુસ્તામી નો એક પ્રસંગ

એક વખત હઝરત સૈયદના અબૂ યઝીદ બુસ્તામી રદીઅલ્લાહો તઆલા અન્હો એ હઝરત અમ્મી બુસ્તામી ના વાલિદે માજિદ રહેમતુલ્લાહે અલૈહ થી ફરમાવ્યું કે ચાલો, તે શખ્સ ની મુલાકાત કરી આવીએ કે જેણે પોતાને વિલાયત ના નામે મશ્હૂર કર્યો છે. તે શખ્સ લોકોના આકર્ષણ નું કેન્દ્ર હતો અને તેની ઇબાદત અને રિયાઝત પણ પ્રખ્યાત હતી. હઝરત અબૂ યઝીદ બુસ્તામી અને તેમની સંગાથે ના લોકો તે શખ્સ પાસે જ્યારે ગયા, તો તેઓએ જોયું કે તે શખ્સ કિબ્લા ની દિશા તરફ થુક્યો. હઝરત અબૂ યઝીદ બુસ્તામી રદીઅલ્લાહો તઆલા અન્હો પોતાના સાથીઓ સમેત ત્યાં થી પાછા ફરી ગયા અને તે શખ્સ થી સલામ પણ ન કર્યો. અને ફરમાવ્યું કે :-

"હાઝર-રજુલો-ગયરો-મામૂલુન-અલા-અદબિન-મિન-આદાબે-રસૂલિલ્લાહે-સલલલ્લાહો-તઆલા-અલૈહે-વસલ્લમા-ફ-કયફા-યકૂનો-મામૂનન-અલા-મા-યુદઇહે"

-: અર્થાત :-

"આ શખ્સ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ના અદબો પૈકી ના એક અદબ નું જ્યારે જતન



www.markazahlesunnat.com



નથી કરી શકતો, તો તે જે ચીઝ એટલે કે વિલાયત નો જે દાવો કરે છે તેનું જતન કેવી રીતે કરી શકે ?"

હવાલા માટે જુઓ :- "રિસાલા કુશૈરીયા", પેઇજ નં. ૧૫૩

## હવા માં ઉડતો શખ્સ જો શરીઅત નો પાબંદ ન હોય, તો તેના થી પણ પ્રભાવિત ન થવું

- હઝરત બા-યઝીદ બુસ્તામી રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

"લવ-નઝરતુમ-ઇલા-રજુલિન-ઓઅતિયા-મિનલ-કરામતે-હત્તા-યરતકા-ફિલ-ખલાએ-ફલા-તગર્ઈ-બેહી-હત્તા-તન્ઝૂરૂ-કયફા-તજેદુનહુ-ઇન્દલ-અમ્રે-વન્નહિયે-વ-હિફઝિલ-હુદૂદે-વ-આદાબિશ-શરીઅતે"

-: અનુવાદ :-

"જો તમો કોઈ એવા શખ્સ ને જુઓ કે તેને કરામતો અર્પણ કરવામાં આવી હોય, ત્યાં સુધી કે હવા માં પલોઠી વાળી ને બેસી શકતો હોય, તો તેનાથી પ્રભાવિત થશો નહીં બલ્કે એ જુઓ કે આ શખ્સ ફર્ઝ, વાજિબ, મકરૂહ, હરામ, શરીઅત ની મર્યાદા અને શરીઅત ના નિયમો ના પાલન માં કેવો છે ?"

હવાલા માટે જુઓ :- "રિસાલા કુશૈરીયા", પેઇજ નં. ૧૮

ઉપરોક્ત કથન નો ભાવાર્થ એ છે કે જો કોઈ શખ્સ હવા માં ઉડી શકતો હોય પણ જો શરીઅત નો પાબંદ નથી તો તે શખ્સ હરગીઝ વલી નથી. કેમકે શરીઅત ની પાબંદી

વગર કદી પણ વિલાયત પ્રાપ્ત થઈ શકતી નથી.

● હઝરત સૈયદના અબૂ ઉસ્માન હીરી રદીઅલ્લાહો તઆલા અન્હો કે જેઓ સૈયદુત-તાએફા હઝરત જુનૈદ બગદાદી રદીઅલ્લાહો તઆલા અન્હો ના સમકાલીન અને પોતાના સમય ના મહાન વલી છે તેમણે પોતાના ઇન્તેકાલ ના સમયે પોતાના સાહબઝાદા થી ફરમાવ્યું કે :-

**"ખિલાફુસ્સુન્નતે-યા-બુનય્યા-ફીઝ-ઝાહેરે-હુવા-અલામતુર-રિયાએ-ફીલ-બાતિને"**

**-: અનુવાદ :-**

"એ ફરઝંદ ! જાહેર માં સુન્નત ની વિરૂધ્ધ નું કામ કરવું, તે મન ની અંદર રિયા (દંભ) હોવાનો પુરાવો છે."

(હવાલા માટે જુઓ :- "રિસાલા-કુશૈરીયા", પેઇજ નં. ૧૫)

## કુરઆન અને હદીષ ના સમર્થન વગર તસવ્વુફ નો સંકેત સ્વીકૃત નથી

● સૈયદુત-તાએફા હઝરત સૈયદના જુનૈદ બગદાદી રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે હઝરત સૈયદી અબૂ-સુલેમાન દારાની રદીઅલ્લાહો તઆલા અન્હો એ ફરમાવ્યું કે :-

**"રોબોમા-યકઓ-ફી-કલબીન-નુકતતુમ-મિન-નકતિલ-કવમે-અય્યામન-ફલા-અકબેલો-મિન્હો-ઇલ્લા-બે-શાહેદયને-અદલયને-અલ-કિતાબો-વસ્સુન્નત"**

**-: અનુવાદ :-**

"મારા દિલ માં અનેક વખત તસવ્વુફ નો કોઈ સંકેત



www.markazahlesunnat.com



લાંબા સમય સુધી આવે છે પણ જ્યાં સુધી કુરઆન અને હદીષ બે સાક્ષીઓ તેનું સમર્થન ન કરે, ત્યાં સુધી હું તેને સ્વીકાર કરતો નથી."

(હવાલા માટે જુઓ :- "રિસાલા-કુશૈરીયા", પેઇજ નં. ૧૯)

● બીજી એક રિવાયત માં ફરમાવે છે કે :-

**"રોબોમા-તનકતિલ-હકીકતો-ફી-કલબી-અરબઈના-યવમન-ફલા-આઝેનો-લહા-અન-તદખોલા-ફી-કલબી-ઇલ્લા-બે-શાહેદયને-મિનલ-કિતાબે-વસ્સુન્નતે"**

**-: અનુવાદ :-**

"ઘણી વખત મારા દિલ માં તરીકત નો કોઈ નુક્તો (સંકેત) ચાલીસ ચાલીસ દિવસ સુધી ખટકે છે પણ જ્યાં સુધી કુરઆન અને હદીષ રૂપી બે ગવાહ તેના સંગાથે નથી હોતા ત્યાં સુધી હું તેને મારા દિલ માં સ્થાન લેવાની પરવાનગી નથી આપતો."

(હવાલા માટે જુઓ :- "નફહાતુલ-ઇન્સે", પેઇજ નં. ૨૭)

ઉપરોક્ત બન્ને કથનો દ્વારા પુરવાર થયું કે તસવ્વુફ, હકીકત, તરીકત કે મારેફત નો કોઈ ભેદ, સંકેત, કે કોઈ ઉકેલ જ્યાં સુધી શરીઅત ના કાનૂન મુજબ યોગ્ય પુરવાર ન થાય, ત્યાં સુધી તેને અપનાવવા માં નહીં આવે.

## પોતાને બુલંદ દરજ્જા સુધી પહોંચેલો સમજીને કવ્વાલી સાંભળનારો શખ્સ કેવો છે ?

● બુલંદ રૂત્બા વલી, ઇમામે તરીકત, હઝરત, સૈયદના અબૂ-અલી રૂદબારી બગદાદી રદીઅલ્લાહો તઆલા અન્હો કે જેઓ હઝરત જુનૈદ બગદાદી રદીઅલ્લાહો તઆલા અન્હો ના

મહાન ખલીફાઓ પૈકીના એક ખલીફા છે અને તેઓની સમકક્ષ તરીકત નું ઇલ્મ અન્ય કોઇને ન હતું, તેઓ વિશે હઝરત આરિફ બિલ્લાહ સૈયદના અબૂલ-કાસિમ કુશૈરી ફરમાવે છે કે :-

"હઝરત અબુ-અલી રૂદબારી બગદાદી થી સવાલ પૂછવા માં આવ્યો કે એક શખ્સ મઝામિર (સંગીત) સાંભળે છે અને કહે છે કે મારા માટે હલાલ છે. એટલા માટે કે હૂં એવા દરજ્જા સુધી પહોંચી ગયો છું કે વાતાવરણ (સંજોગો) ના પરિવર્તન ની મારા ઉપર કશી અસર થતી નથી. આપે ફરમાવ્યું કે "નઅમ-કદ-વસલા-વલાકિન-ઇલા-સકરિન" અર્થાત "હાં, તે પહોંચ્યો ઝરૂર છે પણ જહન્નમ સુધી"

(હવાલા માટે જુઓ :- "રિસાલા-કુશૈરીયા", પેઇજ નં. ૩૩)

## તસવ્વુફ શું છે ?

● હઝરત સૈયદી અબૂ-અબ્દુલ્લાહ મુહમ્મદ ઇબ્ને ખફીફ દબ્બી રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

"અત્તસ્સવ્વુફો-તસફિયતુલ-કુલૂબે-વ-ઇત્તેબાઉન-નબીય્યે-સલ્લલ્લાહો-તઆલા-અલૈહે-વસલ્લમા-ફીશ-શરીઅતે"

-: અનુવાદ :-

"તસવ્વુફ એ છે કે દિલ ને સાફ કરવા માં આવે અને શરીઅત માં નબી સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ નું અનુકરણ (પૈરવી) કરવા માં આવે"

(હવાલા માટે જુઓ :- "તબકાતે-કુબ્રા", લેખક :- હઝરત ઇમામ શેઅરાની, પેઇજ નં. ૧૮)



www.markazahlesunnat.com



● હઝરત સૈયદી અબૂલ-કાસિમ નસરાબાદી રદીઅલ્લાહો તઆલા અન્હો કે જેઓ હઝરત સૈયદના અબૂ બકર શિબ્લી અને હઝરત સૈયદના અબૂ-અલી રૂદબારી રદીઅલ્લાહો તઆલા અન્હોમા ના સાથીઓ માં થી છે, તેઓ ફરમાવે છે કે :-

"અત્તસવ્વુફો-મુલાઝેમતુલ-કિતાબે-વસ્સુન્નતે"

-: અનુવાદ :-

"તસવ્વુફ ની જડ એ છે કે કુરઆન અને હદીષ ને મજબૂતી સાથે પકડી રાખવું"

(હવાલા માટે જુઓ :- "તબકાતે-કુબ્રા", પેઇજ નં. ૧૨૨)

## શરીઅત નો પાબંદ જ સાચો સૂફી છે

હઝરત શૈખુશ્શુયૂખ શહાબુદ્દીન સુહરવર્દી રદીઅલ્લાહો તઆલા અન્હો કે જેઓ સિલસિલા-એ-સોહર્વદીયા ના સરદાર છે તેઓ પોતાની કિતાબ "અવારિફુલ-મઆરિફ" માં ફરમાવે છે કે :-

"કવમુમ-મિનલ-મફતૂનીના-લબેસૂ-લુબસતસ-સૂફિયતે-લે-યન્સેબૂ-બેહા-ઇલસ-સૂફિયતે-વમા-હુમ-મિનસ-સૂફિયતે-બે-શયઇન-બલ-હુમ-ફી-ગુરૂરિં-યઝઅમૂના-અન્ના-ઝમાઇરોહુમ-ખોલેસત-ઇલલ્લાહે-તઆલા-વ-યકૂલુના-હાઝા-હુવઝ-ઝફરો-બિલ-મુરાદે-વલ-ઇરતેસામે-બે-મરાસેમિશ-શરીઅતે-રૂત્બતુલ-અવામે-વ-હાઝા-હુવા-અયનુલ-ઇલ્હાદે-વઝઝિન્દેકતે-વલ-ઇબ્આદે-ફ-કુલ્લો-હકીકતુન-રદ્દતહશ-શરીઅતો-ફ-હીયઝ-ઝિન્દેકતો"

-: અનુવાદ :-

"અમુક ફિત્ના માં સપડાએલા લોકોએ સૂફીઓ ના

વેશ ધારણ કરી લીધા છે કે જેથી તેઓને સૂફી તરીકે ઓળખવા માં આવે, પરંતુ તેઓને સૂફીઓ થી કાંઈ લાગતું વળગતું નથી. બલ્કે તેઓ ઘમંડ અને ખોટા ભ્રમ માં એવો બકવાસ કરે છે કે તેઓના દિલ ખુદા તરફ થઈ ગયા છે અને તેઓજ મુરાદ ને પહોંચ્યા છે, અને શરીઅત ના નિયમો નું પાલન કરવું, એ તો સામાન્ય લોકો માટે છે (એટલે કે તેઓને શરીઅત ની પાબંદી ની ઝરૂરત નથી) તો તેઓનું આ કથન સંપૂર્ણ અધર્મ, ઘૃણા ને પાત્ર અને ખુદા ની બારગાહ થી દૂર કરનારો છે. કેમકે જે હકીકત ને શરીઅત રદ કરે છે તે હકીકત નહીં બલ્કે બે-દીની છે."

(હવાલા માટે જુઓ :- "અવારિફુલ-મઆરિફ", ભાગ : ૧, પેઇજ નં. ૪૩, મિસ્ર)

● હઝરત શૈખુશ્શુયૂખ શહાબુદ્દીન સુહરવર્દી રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

**"વ-મન-ઝહરા-લહુ-વ-અલા-યદેહિ-મિનલ-મુખતરકાતે-વ-હુવા-અલા-ગયરિલ-ઇલ્તેઝામે-બે-એહકામિશ-શરીઅતે-નઅતકેદો-ઇન્નહુ-ઝિન્દીકુન-વ-અન્નલ-લઝી-ઝહરા-લહુ-મકરૂન-ઇસ્તેદરાજુન"**

-: અનુવાદ :-

"જેના માટે અથવા જેના દ્વારા કોઈ ચમત્કાર જોવા માં આવે અને તે શખ્સ શરીઅત નો પાબંદ ન હોય, તો તે શખ્સ ઝિંદીક (જૂઠો) છે અને તેના દ્વારા જે ચમત્કાર જોવા માં આવ્યો છે તે દંભ અને ઇસ્તિદરાજ છે"

<u>નોટઃ-</u> ઇસ્તિદરાજ એટલે જેમ વલી દ્વારા કોઈ કરામત જાહેર થાય છે તેમ શૈતાની લોકો દ્વારા પણ ઘણી વખત



www.markazahlesunnat.com



એવું ચમત્કાર દેખાય છે. જેના થી આશ્ચર્ય થાય છે પણ તેવા ચમત્કાર ને કરામત નહીં બલ્કે ઇસ્તિદરાજ કહેવા માં આવે છે.

(હવાલા માટે જુઓ :- "નફહાતુલ-ઇન્સ-શરીફ", લેખક :- હઝરત અલ્લામા જામી, રહેમતુલ્લાહે અલૈહે, પેઇજ નં. ૧૯)

● હઝરત સૈયદના હુજ્જતુલ ઇસ્લામ, ઇમામ મુહમ્મદ ગઝ્ઝાલી રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

"એક વર્ગ મારેફત પ્રાપ્ત થવાનો દાવો કરે છે પણ વાસ્તવિકતા એ છે કે મારેફત પ્રાપ્ત થવાનો તેનો દાવો ફક્ત નામ નો અને પોકળ છે. તે એવા ભ્રમ માં રાચે છે કે તે આગલા-પાછલા બધા ના ઇલ્મ થી વધુ ઇલ્મ ધરાવે છે અને તે કારણસર તે તમામ ફકીહો, મુફસ્સિરો અને મુહદ્દિષો ને હલકી નઝર થી જુએ છે અને તમામ મુસલમાનો ને તુચ્છ સમજે છે અને એવો દાવો કરે છે કે તે ખુદા સુધી પહોંચી ગયો છે પણ સત્ય એ છે કે તે અલ્લાહ ની નઝદીક ફાજિર અને મુનાફિક છે."

(હવાલા માટે જુઓ :- "અહયાઉલ-ઉલૂમ", લેખક :- હઝરત ઇમામ ગઝ્ઝાલી, રહેમતુલ્લાહે તઆલા અલૈહે, ભાગઃ ૩, પેઇજ નં. ૨૨૦)

## વલી નું દરેક કથન અને કાર્ય શરીઅત ના ત્રાજવે તોલવા માં આવશે

આરિફે બિલ્લાહ, હઝરત સૈયદી મુહિય્યુદ્દીન ઇબ્ને અરબી રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

"એઅલમ-ઇન્ના-મિઝાનશ-શરઇલ-મૌદુઅતુન-ફિલ-અર્દે-હીયા-મા-બે-અયદિલ-ઓલોમાએ-મિનશ-શરીઅતે-ફ-મહમા-ખરજા-વલીયુન-અન-મિઝ્ઝાનિશ-શરઇલ-મઝકૂરે-મઅ-વુજૂદે-અકલિત-તકલ્લુફે-વજબલ-ઇન્કારો-અલૈહે"

-: અનુવાદ :-

"ખાત્રી પુર્વક જાણી લે કે શરીઅત ની મીઝાન (ત્રાજવું) અલ્લાહે આ ધરતી માં નક્કી કરી છે અને તે ત્રાજવું શરીઅત ના આલિમો ના હાથ માં છે. તો જ્યારે કોઈ વલી શરીઅત ની તે મીઝાન ની બાહર નિકળે અને તેની અક્કલ સલામત હોય, (એટલે કે મજઝૂબ ન હોય) તો તેવા વલી નો ઇન્કાર કરવો વાજિબ છે."

(હવાલા માટે જુઓ :- "યવાકિત-વલ-જવાહિર", પેઇજ નં. ૨૪)

● ઉપરાંત હઝરત મુહિય્યુદ્દીન ઇબ્ને અરબી ફરમાવે છે કે :-

"એઅલમ-ઇન્નલ-મુવાઝિનલ-ઔલિયાઇલ-મુકમ્મેલીના-લા-તખ્તાઉશ-શરીઅતા-અબદન-ફ-હુમ-મેહફૂઝૂના-મિન-મુખાલેફતિશ-શરીઅતે"

-: અનુવાદ :-

"ખાત્રી થી જાણી લે કે કામિલ વલીઓ શરીઅત ના ત્રાજવા ની ચકાસણી માં ભૂલ કરતા નથી કેમકે તેઓ શરીઅત ની વિરૂધ્ધ નું આચરણ કરવા થી સુરક્ષિત છે."

(હવાલા માટે જુઓ :- "યવાકિત-વલ-જવાહિર", પેઇજ નં. ૨૫)



www.markazahlesunnat.com



# હકીકત અને શરીઅત એક બીજા માટે આવશ્યક છે

આરિફે બિલ્લાહ, હઝરત સૈયદી મુહિય્યુદ્દીન ઇબ્ને અરબી રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

"એઅલમ-ઇન્ના-અયનુલ-શરીઅતે-હિયા-અયનુલ-હકીકતે-ઇઝશ-શરીઅતો-લહા-દાઇરતાને-ઉલિયા-વ-સુફલા-ફલ-ઉલિયા-લે-અહલિલ-કશ્ફે-વસ્સુફલા-લે-અહલિલ-ફિકરે"

-: અનુવાદ :-

"જાણી લે કે શરીઅત નો ચશ્મો (ઝરણું) જ હકીકત નો ચશ્મો છે એટલા માટે કે શરીઅત ના બે દાઇરા (વર્તુળ) છે. એક ઉપર અને એક નીચે. ઉપર નો દાઇરો એહલે-કશ્ફ માટે છે અને નીચે નો દાઇરો એહલે-ફિક્હ (એટલે કે ઇલ્મ માં વિચાર-સંસોધન કરનારા) માટે છે."

(હવાલા માટે જુઓ :- "અલ-યવાકિત-વલ-જવાહિર", પેઇજ નં. ૩૫)

● ઉપરોક્ત કથન ના અંત માં ત્યાં સુધી વર્ણન છે કે :-

"તે બન્ને દાઇરા એક બીજા માટે ઝરૂરી છે. બન્ને નું સંગમ અનિવાર્ય છે, પણ અમુક એવા લોકો કે જેઓ ફક્ત બાહ્ય દ્રષ્ટી ધરાવે છે, તેવા લોકો શરીઅત અને હકીકત બન્ને ને અલગ અલગ સમજી રહ્યા છે"

# શરીઅત વૃક્ષ છે અને હકીકત તેનું ફળ છે

અક્તાબે અરબઅ એટલે કે ચાર મહાન કુતુબો માં (૧) હુઝૂર પુરનૂર, પીરાને પીર, પીરે દસ્તગીર, ગૌષુલ આઝમ હઝરત સૈયદના શેખ અબ્દુલ કાદિર જીલાની (૨) હઝરત સૈયદ અહમદ રીફાઈ (૩) હઝરત સૈયદ અહમદ કબીર બદવી અને (૪) હઝરત સૈયદી ઇબ્રાહીમ વુસ્કી રદીઅલ્લાહો તઆલા અન્હુમ ની ગણતરી થાય છે. વર્ણનીય ચાર મહાન કુતુબો પૈકી ના હઝરત ઇબ્રાહીમ વુસ્કી રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

**"અશ-શરીઅતો-હિયશ-શજરતો-વલ-હકીકતો-હિયષ-ષમરતો"**

**-: અનુવાદ :-**

**"શરીઅત તે ઝાડ છે અને હકીકત ફળ છે."**

(હવાલા માટે જુઓ :- "તબકાતે-કુબ્રા", પેઇજ નં. ૧૬૮)

ઉપરોક્ત કથન નો ભાવાર્થ એ છે કે ફળ વૃક્ષ પર જ આધાર રાખે છે. વૃક્ષ નું અસ્તિત્વ છે તો ફળ ની શક્યતા છે. જો વૃક્ષ જ કાપી નાખવા માં આવે તો પછી ફળ ક્યાં થી આવશે ? અમૂક બુધ્ધિ વિહોણા લોકો એવું કરે છે કે વૃક્ષ માં થી પાકા ફળો ખાય છે અને ફળ મેળવવા ના આનંદ માં તેઓ હર્ષઘેલા બનીને એવા નિર્ણય પર આવે છે કે આપણ ને ફળ મળી ગયા છે માટે વૃક્ષ ને કાપી નાખો. તેવી જ રીતે તરીકત, હકીકત અને મારેફત એ શરીઅત ના વૃક્ષ ના



www.markazahlesunnat.com



ફળો છે. જો કોઈ વ્યક્તિ તરીકત ના દરજ્જે પહોંચી જવાના ભ્રમ માં શરીઅત ને તજી દેવાનું વિચારે છે, તો તે ફક્ત શરીઅત ને જ નથી તજતો બલ્કે સાથે સાથે તરીકત થી પણ હાથ ધોઈ બેસે છે.

● હઝરત સૈયદ અલી ખવ્વાસ ના મહાન ખલીફા હઝરત સૈયદી અફઝલુદ્દીન રદીઅલ્લાહો તઆલા અન્હોમા ફરમાવે છે કે :- **"કુલ્લો-હકીકતુન-શરીઅતુન-વ-અકસહુ"**

**-: અનુવાદ :-**

**"દરેક હકીકત શરીઅત મુજબ છે અને શરીઅત હકીકત મુજબ છે."**

(હવાલા માટે જુઓ :- "મીઝાને-શરીઅતુલ-કુબ્રા", પેઇજ નં. ૫૦)

● આરિફે બિલ્લાહ હઝરત અલી ખવ્વાસ ના પીરો મુર્શિદ ઇમામ અબ્દુલ વહ્હાબ શેઅરાની રદીઅલ્લાહો તઆલા અન્હોમા ફરમાવે છે કે :-

**"ઇલ્મુ-કશ્ફે-સહીહુન-લા-યા'તી-ઇલ્લા-મુવાફેકન-લિશ-શરીઅતિલ-મુતહ્હેરા"**

**-: અનુવાદ :-**

**"સાચો ઇલ્મે કશ્ફ હમેંશા શરીઅત ને અનુરૂપ જ હોય છે."**

(હવાલા માટે જુઓ :- "કિતાબુલ-જવાહિરે-વદ-દુર્રે" લેખકઃ- ઇમામ શેઅરાની, પેઇજ નં. ૨૫૫, પ્રકાશિત : મિસ્ર)

● ઉપરોક્ત વલીએ મમદૂહ ફરમાવે છે કે :-

**"જમીઓ-મસાબીહો-ઓલોમાઇઝ-ઝાહિરે-વલ-બાતિને-કદ-ઇત્તફઝત-મિન-નૂરિશ-શરીઅતે-ફમા-મિન-**

કવલિમ-મિન-અકવાલિલ-મુજતહેદીના-વ-મુકલ્લેદીના-ઇલ્લા-વ-હુવા-મુઅય્યદુન-બે-અકવાલે-અહલિલ-હકીકતે-લા-શક્કા-ઇન્દના-ફી-ઝાલેકા"

-: અનુવાદ :-

"ઓલોમા-એ-જાહેર હોય કે પછી ઓલોમા-એ-બાતિન હોય, બધા ના ચિરાગ શરીઅત ના નૂર થી રોશન છે. અને જેથી જ મુજતહિદ ઇમામો અને તેઓ ના અનુયાયીઓ ના કથનો એવા છે જે શરીઅત ના નિયમો તેનું સમર્થન કરે છે અને આ બાબતે અમારા મત પ્રમાણે કશી જ શંકા નથી."

● ત્યારબાદ આગળ ફરમાવે છે કે :-

"ઉમ્મત ના સમગ્ર આલિમો ના દિલો ને હુઝૂરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ ના કલ્બે અકદસ (પવિત્ર હૃદય) થી જ મદદ પહોંચે છે. સમગ્ર વિશ્વ નો ચિરાગ હુઝૂર ના નૂરે-બાતિન ની શમ્આ થી રોશન છે."

(હવાલા માટે જુઓઃ- "મીઝાને-શરીઅતુલ-કુબ્રા", પેઇજ નં. ૪૯)

## સાહિબે કશ્ફ ને શૈતાન કેવી રીતે છેતરી ને ગુમરાહ કરવાનો પ્રયત્ન કરે છે ?

ઇમામે અજલ, આરિફે બિલ્લાહ, હઝરત ઇમામ અબ્દુલ વહ્હાબ શેઅરાની રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કેઃ-

"હુજજતુલ ઇસ્લામ ઇમામ ગઝાલી અને અન્ય અકાબિરે તરીકત ના કથન મુજબ અલ્લાહ તઆલા એ શૈતાન ને એવી શક્તિ આપી છે કે સાહિબે કશ્ફ વ્યક્તિ આસ્માન, અર્શ, કુર્સી, લોહ, કલમ, વગેરે સ્થળે થી ઇલ્મે કશ્ફ હાસિલ



www.markazahlesunnat.com



કરતો હોય છે ત્યારે શૈતાન તે સાહિબે કશ્ફ વ્યક્તિ ને છેતરવા માટે તેની સમક્ષ તે સ્થળ ની બનાવટી તસ્વીર ખડી કરી દે છે. તે શખ્સ તેને જોઈને એવું સમજે છે કે મારી સમક્ષ અસ્લ સ્થળ નું દ્રશ્ય છે, પણ વાસ્તવ માં તે શૈતાન નો ભ્રમ હોય છે, અર્શ, લોહ, કલમ, કુર્સી કંઈજ હોતું નથી. ત્યારબાદ તે વ્યક્તિ ને છેતરવા માટે તે બનાવટી સ્થળે થી પોતાનું શૈતાની-ઇલ્મ તેના તરફ ફેંકે છે. તે શખ્સ તેને ખુદા તરફ થી અર્પણ થએલું સમજીને તેના પર અમલ શરૂ કરી દે છે. પરિણામ એ આવે છે કે તે શખ્સ તો સ્વયં ગુમરાહ થાય છે પણ પોતાની સાથે અન્યો ને પણ ગુમરાહ કરે છે. તેથી જ ઓલિયાએ કિરામ માં ના સરદાર ઇમામો એ કશ્ફ વાળા માટે વાજિબ કર્યુ છે કે જે ઇલ્મ કશ્ફ દ્વારા પ્રાપ્ત થાય, તેના પર અમલ કરતાં પહેલા તેને કિતાબ અને સુન્નત એટલે કે કુરઆન અને હદીષ સમક્ષ રજૂ કરે. જો તે ઇલ્મ કુરઆન અને હદીષ ને અનુરૂપ હોય તો ઉત્તમ છે, નહીંતર તેના પર અમલ કરવું હરામ છે."

(હવાલા માટે જુઓ :- "મીઝાને-શરીઅતુલ-કુબ્રા", લેખક :- ઇમામ અબ્દુલ વહ્હાબ શેઅરાની, પેઇજ નં. ૧૩)

## શરીઅત સાથે તસવ્વુફ નું સુસંગત હોવું

ઇમામે અજલ, આરિફે બિલ્લાહ, હઝરત ઇમામ અબ્દુલ વહ્હાબ શેઅરાની રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

"અત્તસવ્વુફો-ઇન્નમા-હુવા-ઝુબદતો-અમલુલ-અબ્દે-બે-એહકામિશ-શરીઅતે"

**-: અનુવાદ :-**

**"તસવ્વુફ એટલે શરીઅત ના એહકામ પર આધારિત બંદા ના અમલ નો ખુલાસો છે."**

- **ત્યારબાદ ફરમાવે છે કે :-**

**"અત્તસવ્વુફો-તફરઉન-મિન-ઐયનિશ-શરીઅતે"**

**-: અનુવાદ :-**

**"ઇલ્મે તસવ્વુફ એટલે શરીઅત ના ઝરણાં થી નિકળેલી ઝીલ એટલે કે તળાવડી છે."**

- **ત્યારબાદ આગળ ફરમાવે છે કે :-**

**"જે પારખુ દ્રષ્ટી થી નિરક્ષણ કરશે તે જાણી લેશે કે ઔલિયા ના ઇલ્મ થી કોઈ પણ ચીઝ શરીઅત ની મર્યાદા બાહર નથી અને કેમ હોય ? કેમકે શરીઅત નું ઈલ્મ તેઓની સતત જાણકારી માં હોય છે. કારણ એ છે ખુદા સુધી પહોંચવા માટે શરીઅત જ તેઓના માટે માધ્યમ છે"**

- **ત્યારબાદ આગળ ફરમાવે છે કે :-**

**"તમામ ઔલિયા-એ-કિરામ આ બાબતે એકમત છે કે તરીકત માં સદર (પ્રમુખ) બનવાની લાયકાત તે શખ્સ જ ધરાવે છે કે જે ઇલ્મે શરીઅત નો સમુદ્ર હોય અને શરીઅત ના ઇલ્મ ની સુક્ષમ બાબતો જેવી કે મન્તૂક, મફહૂમ, ખાસ, આમ, નાસિખ, મન્સૂખ, વગેરે ની જાણકારી ધરાવતો હોય. ઉપરાંત, અરબી ભાષા નો નિષ્ણાંત હોય ત્યાં સુધી કે અરબી ભાષા ની કહેવતો, દ્રષ્ટાંતો, વર્ણન વિશિષ્ટતા જેવી વ્યાકરણ ની બાબતો થી પણ વાકેફ હોય. માટે દરેક સૂફી નું ફકીહ હોવું ઝરૂરી છે પણ દરેક ફકીહ (શરીઅત ના જાણકાર) માટે સૂફી હોવું ઝરૂરી નથી."**

**(ઉપરોક્ત વર્ણનીય ચારેય કથનો ના હવાલા માટે જુઓ :- "તબકાતે-કુબ્રા" લેખક :- ઇમામ અબ્દુલ વહ્હાબ શેઅરાની, પેઇજ નં. ૪)**



- **વર્ણનીય ઇમામ અબ્દુલ વહ્હાબ શેઅરાની રદીઅલ્લાહો તઆલા અન્હો અન્ય એક કથન દ્વારા ફરમાવે છે કે :-**

**"અલ-કશ્ફુસ-સહીહો-લા-યઅતી-દાએમન-ઇલ્લા-મુવાફેકન-લિશ-શરીઅતે-કમા-હુવલ-મુકર્રેબીનલ-ઔલોમાઓ"**

**-: અનુવાદ :-**

**"ઇલ્મે કશ્ફ ના નિષ્ણાંત આલિમો ના ઠરાવ અનુસાર સાચો કશ્ફ હમેંશા શરીઅત પ્રમાણે જ આવે છે."**

**(હવાલા માટે જુઓ :- "મીઝાને-શરીઅતે-કુબ્રા" પેઇજ નં. ૧૩)**

## કરામત અને ઇસ્તિદરાજ ની ચકાસણી

**હઝરત કુત્બે રબ્બાની, મહેબૂબે યઝદાની, મખ્દૂમ અશરફ જહાંગીર ચિશ્તી સમનાની રદીઅલ્લાહો તઆલા અન્હો કે જેઓ સિલસિલ-એ-ચિશ્તિયા, અશરફિયા ના સરદાર છે, તેઓ ફરમાવે છે કે :**

**"ખારિકે-આદત-અગર-અઝ-વલી-મૌસૂફ-બા-ઔસાફે-વિલાયત-ઝાહિર-બુવદ-કરામત-ગોયન્દ-વ-અગર-મુખાલિફે-શરીઅત-સાદિર-શવદ-ઇસ્તિદરાજ"**

**-: અનુવાદ :-**

**"એવા લોકો કે જેનું જાહેર શરીઅત ના એહકામ મુજબ નું ન હોય અને તેઓનું બાતિન તરીકત ના નિયમો મુજબ ન હોય તો, તેઓ દ્વારા અક્કલ ને દંગ કરનાર બાબત (ચમત્કાર) જાહેર થાય, તો તેને ફરેબ અને ઇસ્તિદરાજ કહેવા માં આવશે હરગિઝ તેને વિલાયત અથવા કરામત કહેવા માં નહીં આવે"**

**(હવાલા માટે જુઓ :- "નફહાતુલ-ઇન્સ" પેઇજ નં. ૧૯, તથા લતાઇફે-અશરફી પેઇજ નં. ૧૨૯)**



www.markazahlesunnat.com

● હઝરત સૈયદી, શૈખુલ ઇસ્લામ અહમદ જામી રદીઅલ્લાહો તઆલા અન્હો એ સૈયદી ખ્વાજા મોદૂદ ચિશ્તી રદીઅલ્લાહો તઆલા અન્હો થી ફરમાવ્યું કે :-

**"ઇલ્મ-આમોઝ-કે-ઝાહિદ-બે-ઇલ્મ-મસખર-એ-શૈતાન-અસ્ત"**

**-: અનુવાદ :-**

**"ઇલ્મ શીખ, કેમકે બે-ઇલ્મ ઝાહિદ શૈતાન નો મસખરો એટલે કે ટીખળ ને પાત્ર છે."**

(હવાલા માટે જુઓ :- "નફહાતુલ-ઇન્સ" પેઇજ નં. ૨૧૦)

કુરઆન, હદીષ અને બુઝુર્ગાને દીન ના મુબારક કથનો દ્વારા અહીં સુધી કરેલા વર્ણન થી પુરવાર થયું કે ઈમાન પછી શરીઅત ની પાબંદી જ મુખ્ય છે. નિ:શંક, તરીકત, હકીકત અને મારેફત ના તરીકા પર આધારિત સુલૂક ની બાબતો પ્રસંશનીય છે પણ તે બધી બાબતો જ્યાં સુધી શરીઅત ની મર્યાદા માં છે ત્યાં સુધી જ સ્વીકૃત છે. શરીઅત ની સીમા રેખા ઓગળવા થી તે બાબતો વખોડવા પાત્ર છે પછી તેનું આચરણ કરનારો ગમે તે હોય. તેની કોઈ હૈસિયત જ નથી. શરીઅત મુળ છે, શરીઅત જળ છે, શરીઅત અસલ છે. બલ્કે શરીઅત એક એવું વૃક્ષ છે કે તેમાં તરીકત, મારેફત અને હકીકત નામ ના ફળો પાક્યા છે. શરીઅત ના મહા-સમુદ્ર માં થી જ તરીકત, મારેફત અને હકીકત નામ ની નહેરો નીકળેલી છે અને તે બધી નહેરો શરીઅત ને આધિન અને અનુરૂપ છે.

અમુક ઢોંગી લોકોએ પ્રજાને છેતરવા માટે એવી ખોટી માન્યતાઓ પ્રચલિત કરી છે કે તરીકત અને મારેફત ના માર્ગે ચાલનાર ને શરીઅત ની કોઈ ઝરૂરત નથી. આ એક શૈતાની વિચાર અને ભ્રમ છે. શરીઅત અને તરીકત માં એટલી સુસંગત્તા છે કે શરીઅત કદી પણ તરીકત ની વિરૂધ્ધ નથી અને તે જ રીતે તરીકત કદી પણ શરીઅત ની વિરૂધ્ધ હોઈ શકે જ નહીં અને જે કહેવાતી તરીકત ની બાબતો શરીઅત ની વિરૂધ્ધ હોય, તે બાબતો જન્નત સુધી નહીં બલ્કે જહન્નમ સુધી લઈ જનારી છે. ઔલિયા-એ-કિરામ ના મુબારક કથનો માં ત્યાં સુધી આદેશ છે કે કોઈ શખ્સ હવા માં ઉડી દેખાડે



www.markazahlesunnat.com



અથવા પાણી ની સપાટી પર ચાલી બતાવે, પણ જો તે શખ્સ શરીઅત નો પાબંદ નથી, તો તે શખ્સ હરગિઝ વલી નથી બલ્કે શૈતાન ના હાથ ની કઠપુતલી છે. જે શૈતાન ના ઇશારે નાચીને સ્વયં ગુમરાહ થાય છે અને અન્યોને પણ ગુમરાહ કરે છે.

ટૂંક માં ફક્ત એટલુ કે શરીઅત તરીકત થી અલગ નથી અને તરીકત શરીઅત થી અલગ નથી. બલ્કે તરીકત, હકીકત અને મારેફત એ બધા તરીકા શરીઅત ની જ પેટા શાખાઓ અને બ્રાન્ચો છે. વડું મથક તો શરીઅત જ છે અને કદી પણ કોઈ શાખા પોતાના વડા મથક ના આદેશો નું ઉલંઘન અને અનાદર કરી શકે જ નહીં. માટે શરીઅત ના નિયમો, શરીઅત ની પાબંદી અને તેના અનુકરણ ની મહત્વતા સમજો અને શરીઅત ની પગદંડી પર જ ચાલવાનો આગ્રહ રાખો અને જે લોકો શરીઅત ના પંથ થી વિપરિત પંથ પર તમોને ચલાવવા પ્રોત્સાહિત કરે, તેના થી બચો. ઈમાન ની સલામતી સાથે ચુસ્તપણે શરીઅત ની પાબંદી અપનાવો તેમાં જ દીન, દુનીયા અને આખેરત ની ભલાઈ છે. જ્યાં સુધી શરીઅત ની પાબંદી નહીં કરવા માં આવે, ત્યાં સુધી કંઈ પણ પ્રાપ્ત થવાનું નથી. સૂફી, વલી, સાલિક, કશ્ફ, કરામત, એ બધુ શરીઅત ની પાબંદી ના તુફૈલ માં જ પ્રાપ્ત થશે અને શરીઅત ની પાબંદી જ તરીકત, હકીકત, અને મારેફત ની મંઝિલો સર કરવામાં સહાય રૂપ બનીને ખુદા સુધી પહોંચાડશે.

ખુદાએ તઆલા તેના પ્યારા મહેબૂબ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ના સદકા માં દરેક મોમિન ને ઈમાન ની સલામતી સાથે શરીઅત ની પાબંદી કરવાની તોફીક આપે અને જીવન ના અંતિમ શ્વાસ સુધી તેના પર અડગ કાયમ રાખે.

**આમીન**

**બે-જાહે સૈયેદિલ મુર્સલીન**

**સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ**

